ઉત્તર સારસમુદાય.

પ્રકાશક
"ગુજરાતી" સાહિત્ય મંદિર
ચકલામાપુરા, સુરત.

મૂલ્ય
બાર આના

શાહ એન્ડ
"નવજીવન" પુસ્તકાલય
ભાગળ-સુરત.

[illegible]

ચતુર સુંદર સ્ત્રી વિલાસ

અથવા

મનહર સરળ ગરબાવળી

મૂલ્ય માત્ર દશ આના

આ ગરબાવળી આધુનિક સમયને અનુસરી પ્રગટ કરવામાં આવી છે [illegible] અંદર સુંદર [illegible] અને [illegible] આવવામાં આવતું સંગીત [illegible] ગાન કરી શકે [illegible] ગરબાઓ [illegible] દાખલ કરવામાં આવ્યા છે જેમાં [illegible] [illegible] [illegible] [illegible] ઉપદેશી [illegible] છે [illegible] વાંચવા લાયક [illegible]

[illegible]

"ગુજરાતી" સાહિત્ય મંદિર મહાજનપુરા સુરત

છપાય છે

[illegible] પુરુષોત્તમ [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

હુન્નર સાર સમુદાય.

(જુદા જુદા સેંકડો હુન્નરનો સંગ્રહ)



રચનાર,
શાવકશા જમશેદજી ગણુદેવીઆ.

પ્રકાશક,
"ગુજરાતી" સાહિત્ય મંદિર.
સલાબતપુરા-સુરત.

પ્રથમાવૃત્તિ સને ૧૯૨૪ પ્રત ૨૦૦૦

છાપનારનું નામઃ—નાથુભાઇ દેવચંદ.
છાપવાનું ઠેકાણું:—દેશી મિત્ર પ્રેસ લીમડાચોક, સુરત.
છપાવનારનું નામઃ—જેકીશનદાશ ત્રિભુવનદાસ પટેલ.
છપાવી પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:—સલાબતપુરા સુરત.

હુન્નર સાર સમુદાય.

ભાગ ૧ લો.

૧૦ મીનીટમાં ૧૩૦ રતલ સાબુ બનાવવાની રીત.

ટોઇલેટ સોપ-ગ્લીસરાઈન સોપ-સોપબુક-સાધારણ મીણબત્તી ગ્લીસરાઇન પારદર્શક મીણબત્તી વીગેરે વીગેરે ચીજો બનાવવાની રીતો.

સાબુ બનાવવા માટે જોઇતી ચીજો.

૧-પેટ્રોલના ખાલી બેથી ત્રણ પીપો. ૨-સાબુ એકરસ કરવા માટે ત્રણ ઇંચ પોહલો લાકડાનો ટુકડો. ૩-લોઢાની કીતલી. ૪-સાબુ ઓટવા માટે લાકડાનો મોલ્ડ

ચરબીને સાફ કરવાની રીત.


ચરબી ૪૦ શેર. પાણી ૧૪ શેર. મીઠું ૧૨॥ તોલા. ફટકીનો ભુકો પા॥ તોલા.

ઉપલી સઘળી ચીજોને ચુલાપર ૨૦ મીનીટ ઉકાલવી, ત્યારબાદ તેને મલમલના કપડા વડે ગાળી નાંખો, ઠંડી પડયા બાદ ઉપયોગમાં લેવ.

સાબુ ઓટવાનો મોલ્ડ બનાવવાની રીત.

પાંચ એક સરખી સાઈઝના લાકડાના પાટયા લઈ તે પાટીઆઓને મીજાગરા વડે જોડી દેવા આમ કરવાથી ઢાકણાં વગરનો ડબ્બો બનશે. જ્યારે સાબુ કહાડવાનો હોય ત્યારે છુટો પાડી નાંખવો.

સાબુનો મોલ્ડ.



अ, ब, क, ड ने ख પાટીઆંની ચાર સાઇડે બારીબારણાંઓ માટે જે મીજાગરાં વપરાય છે તે વડે જોડી દેવા. ख વાળા ભાગમાં કપડાંનો ટુકડો મુકવો.

૧૩૦ રતલ સાબુ ૧૦ મીનીટમાં બનાવવાની રીત.

૧૦ રતલ ૯૮% કોસટીક સોડા લઇને એક ખાલી ડબ્બામાં મુકો ત્યારબાદ તેની અંદર સાડાચાર ગેલન પાણી રેડો, પાણી રેડ્યા બાદ સારી પેઠે એક રસ કરો. ઠંડુ પડે ત્યાં સુધી બાજુએ મુકી રાખો.

ઉપલું કર્યા બાદ બીજા ડબ્બામાં ૭૫ રતલ તેલ યા ચરબી (સાફ કરેલી) નાંખો. જો ચરબી હોય તો તેને તાવ્યા બાદ લેવી.

ત્યાર બાદ કોસ્તીક સોડા અને પાણીનું મિશ્રણ કે જેને કોસ્તકલી કહે છે તેને તેલ યા ચરબીવાળા ડબ્બામાં ધીમી

ધારે રેડો રેડતી વખતે તેલને હળવેથી હલાવ્યા કરો. ઘણું જોરથી હલાવવું નહિ ત્યાર બાદ આ પ્રમાણે બનાવેલા લીકવીડ સાબુને સાબુના મોલ્ડમાં રેડી દેવા. પછી તે ડબ્બાને એક ગરમ ઓરડામાં મુકી રાખો. આ પ્રમાણે કરવાથી બીજે દિવસે સવારમાં ૧૩૦ રતલનો સાબુનો બ્લોક બંધાઇ રહેશે. ત્યાર બાદ લોઢાના તાર વડે મનપસંદ ટુકડાઓ કાપી કાઢો.

સાબુને રંગીન તથા સુગંધીવાળો બનાવવાની રીત.

અત્તર તથા રંગને થોડાક ગ્લીસરાઈનમાં મેળવી રાખો. જ્યારે તમો સાબુને મોલ્ડમાં રેડો તે અગાઉ ઉપલી ચીજો તેમાં એક રસ કરવી અને ત્યારબાદ સાબુને મોલ્ડમાં ઓટવો.

સાબુમાં ભેળ મારવાની રીત.

સાબુમાં સોપ સ્ટોન નામનો પાઉડર સાબુ ભારે અને સસ્તો બને તે માટે નાંખવામાં આવે છે પણ ઉપલો પાઉડર ૩ થી વધારે લેવો નહિ.

સાબુ બનાવતી વખતે ધ્યાનમાં રાખવા જોગ બાબતો.

જો સાબુ બરાબર સફાઇદાર અથવા રંગીન ન બન્યો હોય તો એમ સમજવું કે સાબુને બરાબર એકરસ કરેલો નહિ.

જો સાબુ ચચરાતવાળો લાગે તો એમ સમજવું કે કોસ્ટીક વધારે પડેલો હોવો જોઇએ કોસ્ટીકને કદી પણ હાથ લગાડવો નહિ.

જો સાબુ નરમ અથવા ચીકાસવાળો લાગે તો એમ સમજવું કે તેલ યા ચરબી વધારે પડેલી હોવી જોઇએ.

ઉપલી કોઇપણ ખામીઓ દુર કરવા સાબુને થોડાક પાણીમાં નાંખી ચુલાપર મુકી પીગલાવવો. ને તેની અંદર જે ચીજ કમી પડી હોય તે ચીજ નાંખવી.

વજનો બરાબર ચોકકસ લેવાં, ચરબી વાપરવાથી સાબુ કઠણ બનશે. તેલ વાપરવાથી સાબુ નરમ બનશે.

ઉપર દર્શાવેલી સાબુ બનાવવાની રીત ઘણીજ સહેલી છે. ને થોડીક પ્રેકટીસ બાદ સાબુ ઘણોજ સફાઇદાર બનાવી શકાશે.

ટોયલેટ સોપ.

કોસ્ટીક સોડા ૧૮' ૨ તોલા, પાણી ૯ તોલા, કોપરેલ (સાફ) ૮ તોલા.

ઉપર વર્ણવેલી રીત પ્રમાણે બનાવો પણ પ્રમાણ જે આ નુસખામાં આપેલું છે તે લેવું.

પારદર્શક ગ્લીસરાઇન સાબુ.

૧૦૦ પાઉન્ડ બારસોપને પીગલાવી તેમાં ૨૫ પાઉન્ડ પીગલાવેલો સ્ટેલ સોડા નાંખી ધીમી આંચે એકરસ કરો. ત્યારબાદ ૧૦૦ થી ૧૨૫ પાઉન્ડ ગ્લીસરાઇન એકરસ કરો. પછી સાબુના મોલ્ડમાં ઓટી દેવ. જ્યારે બંધાઇ જાય ત્યારે તાર વડે કાપી ટુકડા પાડો.

મુસાફરી માટે સોપ બુક બનાવવાની રીત.

કોઇપણ સાબુને થોડાક પાણી સાથે પીગલાવો, પછી તેમાં મનપસંદ સુગંધી તેલ નાંખો, ત્યારબાદ સફેદ કાગજો મનપસંદ સાઇઝના લઈ પીગલાવેલા સાબુમાં એક પછી એક બોળી કાઢી લેવ પછી તે કાગજોને સુકાવા ટાંગી રાખો. સુકાયા બાદ તે કાગજોને ચોપડીના ઘાટમાં બાંધી લેવ.

જ્યારે સાબુ જોઇએ ત્યારે ઉપર પ્રમાણે બનાવેલી સાબુની ચોપડીમાંથી એક પાનું ફાડી અને સાધારણ સાબુ વાપરો. જોઇએ તેવી રીતે વાપરો.

આવી રીતે સાબુની ચોપડીથી મુસાફરીમાં હાથ ધોવા માટેના સાબુ રાખવાની કડાકુટ મટી જશે ને આવી રીતે બનાવેલી ચોપડીઓ વેચવાથી પણ સારો જેવો નફો થશે.

દહાડી બોડવા માટે પ્રવાહી સાબુ.

ચોખ્ખો સાબુ ૧ આઉંસ, ક્રીમ ઓફ ટારટર ૪ ડ્રામ, લવન્ડર ઓઇલ ૨ ડ્રામ, પાણી અરધી પેંટ.

સાબુ અને ક્રીમને પાણીમાં પીગળાવો પછી જ્યારે પ્રવાહી બને લવેંન્ડર ઉમેરી દેવ ને બાટલીમાં ભરી રાખો જ્યારે જોઇએ ત્યારે એક વાઇન ગ્લાસ પાણીમાં એક ચમચી ચમચી વાપરો.

કુતરાને માટે સાબુ.

પેટ્રોલીયમ ૫ ગ્રામ, મીણ ૪ ગ્રામ, આલકોહોલ ૫ સાબુ ૧૫ ગ્રામ.

પહેલી ત્રણ ચીજોને ગરમ પાણીમાં પીગળાવો, પછી સાબુ પીગલાવી મોલ્ડમાં ઓટી દેવ.

(૨) નરમ સાબુ ૨ આઉંસ, ક્રીઓલીન ૧॥ આઉંસ, આલકોહોલ ૧૦ આઉંસ, પાણી ૨૦ આઉંસ.

સાબુ અને ક્રેઓલીનને આલકોહોલમાં પીગળાવી તેમાં ધીરે ધીરે પાણી રેડી એક રસ કરો.

સફેદ પારદર્શક મીણબત્તી બનાવવાની રીત.

જીલેટીન પાંચ ભાગને ૨૦ ભાગ પાણીમાં મેળવો. પછી તેમાં ૨૫ ભાગ ગ્લીસરાઈન નાંખીને સઘળાને ઉકાળી ત્યાર બાદ ૨ ભાગ ટેનીનને ૧૦ ભાગ પાણીમાં ઉકાળી રાખી મુકો જ્યારે ઉપલું મિશ્રણ કાચ જેવું થાય ત્યારે તેમાં ટેનીનવાળું મિશ્રણ એક રસ કરી દેવ પછી પાછું પાણી ઉડી જાય ત્યાં સુધી ઉકાળો. હેલ્લે મીણબત્તી બનાવવાના મોલ્ડમાં ઓટી દેવ.

સાધારણ મીણબત્તી બનાવવાની રીત.

ચરબી ૧૦૦ રતલ, કપુર ૨॥ રતલ, મીણ ૪ રતલ, ફટકી ૨ રતલ,

ઉપલી સઘળી ચીજોને સાથે ઉકાળી મીણબત્તી બનાવવાના ઓટી દેવ.

બાલ કાઢવાનો સાબુ.

બેરીયમ સલફાઈડ ૧ આઉંસ, સ્ટાર્ચ ૧॥ આઉંસ, સાબુ ૩ આઉંસ.

પહેલાં સાબુને પીગળાવી તેમાં બાકીની ચીજો એકરસ કરી દેવ, ત્યારબાદ સાબુના મોલ્ડમાં ઓટી દેવ.

સાધારણ સાબુની માફક જ્યાંથી બાલ કાઢવાના હોય તે જગ્યાએ વાપરવો, ૪ થી મીનીટ પછી ધોઇ નાખવો.

બાલ કાઢનારી મેળવણી યાને ડેપીલીટરી પાઉડર.

બેરીયમ સલફાઇડ ૧ ડ્રામ, સાધારણ ચુનો ૧ ડ્રામ, ચોખાનો આટો ૨ ડ્રામ.

સઘળાંને એક રસ કરી બાટલીઓમાં ભરી જ્યારે જોઇએ ત્યારે થોડાક ભુકામાં પાણી રેડી લાહી જેવું ઘટ બનાવો. જે જગ્યાના વાળ કહાડવાના હોય તે જગ્યા ઉપર લગાડવું પાંચેક મીનીટ બાદ પાણીથી ધોઇ નાખવુ.



ભાગ ૨જો.

કાળી, બ્લુબ્લેક, કોપીંગ, લીલી, લાલ, જાંબુડી, હુપી, હેટ-ટોગ્રાફ માટે, નામ પાડવા માટે, પીલી, રબર સ્ટાંમ્પ માટે, ધાતુઓપર લખવા માટે, સોનેરી, રૂપેરી શાહીઓ બનાવવાની રીતો, જાત જાતની લાખો બનાવવાની રીતો, કાગળની સ્લેટ, બ્લોટીંગ પેપર વીગેરે

— બનાવવાની રીતો. —

કાળી શાહી.

નટ ગોલ્સનો ભુકો ૧૬ આઉંસ, ફેરોરસ સલફેટ ૧૨ આઉંસ, ગમ અરેબીક ૨ આઉંસ, લોગવુડ ચીપ્સ ૪ આઉંસ.

ઉપલી ચીજોને એકરસ કર્યા બાદ તેમાં અડધો પાઈન્ટ પાણી રેડો. આ પ્રમાણે કર્યાથી ઘણી સરસ શાહી બનશે.

બ્લુબ્લેક પાઉડર.

મોહટી હરડે ૧ તોલો, ફટકી ૨ આનાભાર, હીરાકસી ૪ આનાભાર, પરશીઅન બ્લુ ૦॥ તોલો.

સઘળાને વાટી ભુકો કરવો.

પીળી સાહી.

ગેમબોજ ૧ આઉંસ, ગરમ પાણી ૫ આઉંસ, સ્પીરીટ ૦॥ આઉંસ.

પહેલાં ગેમબોજને પાણીમાં પીગલાવો, ઠંડુ પડયા બાદ સ્પીરીટ રેડી દઈ ઉપયોગમાં લો.

બ્લુબ્લેક શાહી પાઉડર.

(૧) નીગ્રોસીન ૨ ભાગ, ખાંડ ૨ ભાગ, ડેક્ષટ્રીન ૧ ભાગ.

(૨) નીગ્રોસીન ૨ ભાગ, ડેક્ષટ્રીન ૧ ભાગ.

ઉપલા પાઉડરની ટીકડીઓ પણ પાડી શકાશે.

લાલ શાહી પાઉડર.

(૧) ઇઓસીન ૨ ભાગ, ખાંડ ૧ ભાગ, ડેક્ષટ્રીન ૧ ભાગ.

(૨) ઇઓસીન ૨ ભાગ, ડેક્ષટ્રીન ૧ ભાગ.

ઉપલા પાઉડરની ટીકડીઓ પણ પાડી શકાશે.

એસીડની બાટલીઓના લેબલોપર નામ પાડવા માટે શાહી.

પીરોગેલીક એસીડ ૧ ભાગ; સલફેટ ઓફ આયંર્ન ૧ ભાગ.

ઉપલી બેઉ ચીજોને એકરસ કરી ઉપયોગમાં લેવી.

કાળી શાહીનો પાઉડર.

વાટેલાં ગોલ્સનટ ૧૬ ભાગ, અરેબીક ગુંદર ૮ ભાગ, લવંગ ૧ ભાગ, આર્યન સલફેટ ૧૦ ભાગ.

ઉપલાનો ૧ ભાગ લઈ ૧૦૦ ભાગ વરસાદના પાણીમાં નાંખી ૧૦ દીવસ સુધી રહેવા દઈ નીતારી કાઢી ઉપયોગમાં લો.

શાહીનો પાઉડર.

(૧) નીગ્રોસાઇન ૧ આઉંસ, બ્લુ એનીલાઈન ૨ આઉંસ, સેલી સીલીક એસીદ ૧૫ ગ્રેઇન, ડેક્ષ ટ્રીન ૧।। આઉંસ. વાટી કહાડી એકરસ કરો.

(૨) માયા ૧૦ આઉંસ, સલફેટઝીન્ક ૨ આઉંસ, સલફેટ આર્યન ૪ આઉંસ, અરેબીક ગુંદર ૧ આઉંસ, લવંગ ૧૨ નંગ ઉપર કહ્યા મુજબ બનાવો.

ફાઉનટન પેન માટે શાહી.

એક આઉંસ પરશીઅન બ્લુને દોઢ આઉંસ હાઇડ્રો કલોરીક એસીડમાં મેળવવો. ત્યારબાદ તેને ૩૦ કલાક એકાંત જગ્યાએ

મુકી રાખો. પછી તેમાં મનપસંદ ચોકખું પાણી રેડી ઉપયોગમાં લેવ.

છુપી શાહી.

સલફ્યુરીક એસીડ ૧ ડ્રામ, પાણી ૧ આઉંસ.

ઉપલી શાહીથી લખ્યા બાદ તે કાગજને આતશ આગળ તાપ દેખાડવાથી અક્ષરો તુરતજ દીપી નીકળશે.

કારબોન પેપર.

આઇવરી બ્લેક ½ આઉંસ ને ૧ આઉંસ ગ્રેઇન સોપમાં મેળવીને બ્રશ વડે પાતળા પણ મજબુત કાગળ પર ચોપડો.

જાદુઇ છુપી શાહી.

ઝાફ્રે (Zaffre) ૧॥ આઉંસ લઇ એક લાંબી બાટલીમાં મુકો. પછી તેમાં એક આઉંસ નાઇટ્રીક એસીડ ૫ આઉંસ પાણી સાથે મેળવીને નાંખો. પછી બાટલીને ૧૦થી૧૨ કલાક સુધી સહેજસાજ ગરમ જગ્યાએ મુકી રાખો. પછી બાટલીમાંથી નીતર્યો ભાગ નીતારી લો. પછી પાછા બાટલીમાં રહેલા થરાપર ૧ આઉંસ નાઇટ્રીક એસીડ અને ૫ આઉંસ પાણી રેડી ૧૦થી ૧૨ કલાક સુધી ગરમજગ્યાએ રહેવા દેવા પછી નીતરો ભાગ નીતારી લો. પછી બે ભાગોને સાથે એક રસ કરી નાંખો. પછી તેમાં ૨ આઉંસ મીઠું નાખી પીગલાવો. આ પ્રમાણે કરવાથી જાદુઈ છુપી શાહી બનશે.

તાપ દેખાડવાથી અક્ષરો દીપી નીકળશે. પણ જ્યારે આગળ ઠંડુ પડસે કે તુરતજ અક્ષરો ગૂમ થઇ જશે.

નામ પાડવાની લાલ શાહી.

વરમીલીઓન ૧ આઉંસ, સોલ્ટ ઓફ સ્ટીલ ૧ ડ્રામ.

ઉપલી ચીજોને એકરસ કર્યા બાદ લીનસીડ ઓઇલમાં મેળવી શાહી જેવું પાતળું બનાવો.

ટાઇપ રાઇટરની રીબન બનાવવા માટેની શાહી.

દીવાની કાજળને એરંડાયામાં મેલવી નાંખો. પછી તેમાં થોડુંક પેટરોલ નાંખો. ઉપલી ચીજોનું પ્રમાણ એકાદ બે વખત અજમાયશ કયી બાદ નકકી કરવું.

રંગીન રીબન બનાવવી હોય તો ઓઇલ સોલ્યુબળ રંગો વાપરવા.

બ્લુ રંગની છુપી શાહી.

જો મોરથુથાના નરમ પાણીમાં કલમ યા કવીલ બોળી, લખશો તો લખેલું વંચાશે નહિ પણ હવે જો એ લખેલું એમોન્યાના જલદ પાણી વડે ભરેલી બાટલીના ડાકા ઉપર તે કાગળને ધરશો, તો લખેલું બ્લુ રંગમાં દીપી નીકળશે. જો એમોન્યાનું પાણી નરમ હોય તો કાગળને અંદર બોળી કહાડવું.

જુની ટાઇપ રાઇટરને નવી જેવી કરવાની રીત.

થોડાંક તાવેલાં વેસતીનમાં દીવાની કાજલ મેળવો. પછી તેમાં રેકટીફાઇડ ટરપીનટાઇન બેનઝોઇન, અને પેટ્રોલના સરખા ભાગ લઈ એકરસ કરો. લખવાની શાહી જેવી પાતળી શાહી બનાવવી.

ઉપલી શાહીને રીબન ઉપર બ્રશ વડે જેમ રંગ લગાડો તેવી રીતે લગાડવી સુકાયા બાદ રીબનને ઉપયોગમાં લેવી.

રબર સ્ટામ્પ માટે લાલ શાહી.

કારમાઈન ૪ ડ્રામ, લાઈકર એમોન્યા ફોરશીઓર ૨ આંઉસ. ગ્લીસરાઈન ૧ ડ્રામ, ડેલટ્રીન ૧૨ ડ્રામ.

રબરસ્ટામ્પ માટે બ્લુ શાહી.

પરશીઅન બ્લુ ૧ આઉંસ, ડેક્ષટ્રીન ૧ આઉંસ, પાણી જોઇએ તેટલું,

રબરસ્ટામ્પ માટે જાંબુરી શાહી.

એનીલાઇન વાયોલેટ ૩ ડ્રામ, ગ્લીસરાઈન ૧૫ આઉંસ, આલકોહોલ ૧૫ આઉંસ.

ભુરી શાહી.

એક આઉંસ જાંબુડી શાહીમાં ૧૫ થી ૩૦ ગ્રેઇન બાઈક્રોમેટ ઓફ પોતાશ ઉમેરવાથી મનપસંદ ભૂરી શાહી બનાવી શકાય છે.

રબરસ્ટામ્પ માટે હંમેશ સુધી શાહી આપ્યા કરે એવી ગાદી.

જીલેટીન ૧ ભાગ, ગ્લીસરાઈન ૬ ભાગ, રંગ આપનારી ચીજ ૬ ભાગ, પાણી ૧ ભાગ.

ઉપલી મેળવણી ગાદીમાં રેડી દેવી, આવી રીતે બનાવેલી ગાદીનો બારીકમાં બારીક ભાગ શાહી આપ્યા કરશે.

(૧) ટાઇપ રાઇટર માટે શાહી.

પારદર્શક સાબુ ૧ ભાગ, ગ્લીસરાઇન ૪ ભાગ, પાણી ૧૨ ભાગ, આલકોહોલ ૯૪% ૨૪ ભાગ, એનીલાઇન રંગ (મનપસંદ). કાળી શાહી બનાવવી હોય તો એનીલાઇન રંગને બદલે નીગ્રોસાઇન વાપરો.

(૨) બ્લુબ્લેક.

એનીલાઈન બ્લેક ૫ ભાગ, ક્રુડ ઓઇલ એસીડ ૫ ભાગ, એરંડીયું Q S. ૧૦૦ ભાગ બનાવાય તેટલું.

(૩) વાયોલેટ.

એનીલાઇન વાયોલેટ ૩ ભાગ, ક્રૂડ ઓઇલ એસીદ ૫ ભાગ એરંડીયું Q. S. ૧૦૦ ભાગ બનાવાય તેટલું.

બ્લુ રંગની શાહી.

એનીલાઈન બ્લુ ૧૫ ગ્રેઇન લઇ તેમાં એક આઉંસ આલકોહોલ તથા ૬ આઉંસ ડીસટીલ પાણી રેડી ચુલે મુકો જ્યારે આલકોહોલનો વાસ સદંતર નાશ પામે ત્યારે તેમાં નીચલી ચીજો ઉમેરી ખુબ તરેહથી એકરસ કરો.

અરેબીક ગુંદરનો ભુકો ૩ ડ્રામ, ડીસટીલ પાણી ૪ આંઉસ.

છરી, કાતર, કરવત વી૦ પર નામ લખવા માટે શાહી.

કલોરાઈન ઓફ ગોલ્ડ ૧ ડ્રામ, પાણી ૧ આંઉસ, એકરસ કરી ઉપયોગમાં લેવ.

હેકટોગ્રાફની શાહી.

(૧) મીથીલ વાયોલેટ ૧૦ ભાગ, નીગ્રોસાઇન ૨૦ ભાગ ગ્લીસરાઈન ૩૦ ભાગ, ગમઅરેબીક ૫ ભાગ, આલકોહોલ ૬૦ ભાગ.

(૨) મીથીલ વાયોલેટ ૧ ડ્રામ, મીથેલીટેડ સ્પીરીટ ડ્રામ, ગ્લીસરાઈન ૨ ડ્રામ.

સ્ટેનશીલ માટે શાહી (લાકડા માટે)

દીવાની કાજળ, મટોડી, અને અરેબીક ગુંદરને સાથે એ રસ કરો. કાજળ મેળવવા સારૂ થોડોક સરકો વાપરો ગુંદરને જગ્યાએ ડેક્ષટ્રીન પણ વાપરી શકાશે.

કપડાપર નામ લખવા માટે પેન્સીલ.

પારોલ્યુસીટ ૪ ભાગ, એલ્યુમીના (સુકંકા) ૧૯ ભાગ.
ઉપલી ચીજોને નીચલી ચીજોમાં એકરસ કરો.
નાઈટ્રેટ ઓફ સીલવર ૬ ભાગ, ડીસટીલ પાણી ૧૦ ભાગ ત્યાર બાદ ઉપલા મિશ્રણને પેન્સીલના ઘાટમાં ઓટી દેવ

આરસ પહાણમાં કોતરેલાં નામ પુરવા માટે શાહી.

ત્રીનીદાદ એસફેલટમ ૧ ભાગ, ટરપીનટાઈન તેલ. ૧ભાગ પ્રવાહી સ્થીતીમાં વાપરો.

કોપીઈંગ શાહી.

એકસટ્રેક ઓફ લોગવુડ ૨ આઉંસ ક્રીસટે લાઇઝડ કાર્બોનેટ ઓફ સોડા ૨ ડ્રામ, ગાળેલું પાણી ૮ આઉંસ.

ઉપલી ચીજોને માટીના વાસણમાં મુકી ઉકાળો. જ્યારે સઘળી ચીજો પીગળી જાય અને જ્યારે લાલ રંગ જેવું મિશ્રણ બને ત્યારે ચુલાપરથી ઉતારી નાંખો. પછી તેને નીચલાં મિશ્રણ સાથે એક રસ કરી નાંખો.

ગ્લીસરાઈન ૧ આઉંસ ન્યુટ્રલ ક્રોમેટ ઓફ પોટાશ ૧૫ ગ્રેઇન, પલવેરાઇઝડ ગમ અરેબીક ૨ ડ્રામ.

પોટાશને થોડાક પાણી સાથે મેળવીને વાપરવો. તેમજ ગમને પણ થોડાક ગરમ પાણીમાં મેળવી વાપરવો.

કાળી શાહી.

માયા ૧૧ આઉંસ, ગ્રીનવીટ્રોલ ૨ આઉંસ, ઇન્ડીગો સોલ્યુશન ૧-૭ આઉંસ, પાણી ૧૩૩ આઉંસ.

ઉપલાને એક રસ કરીને ૧૪ દીવસ લગી રહેવા દો, પણ રોજ હલાવ હલાવ કરવું ૧૪મે દિવસે શાહી નીતારી લઇ ઉપયોગમાં લેવી.

બ્લુબ્લેક શાહી.

બ્રુઈઝડ ગોલ્સ ૩ આંઉસ, આર્યન સલફેટ ૧ આંઉસ, અરેબીક ગુંદર ૧ આંઉસ, સરકો ૧ આંઉસ, ઇન્ડીઓકારમાઈન જોઇએ તેટલો.

ઉપલાંને એકરસ કરી ૧૪ દીવસ સુધી રહેવા દેવ. પણ રોજ હલાવ હલાવ કર્યા કરવું. ૧૪ દીવસે નીતારી લઇ ઉપયોગમાં લેવી.

હેકટોગ્રાફ માટે લાલ શાહી.

પુસસીન ૧૦ ભાગ, આલકોહોલ ૧૦ ભાગ, ગ્લીસરાઈન ૧૦ ભાગ, પાણી ૫૦ ભાગ.

છુપી શાહી.

(૧) કલોરાઇડ ઓફ ગોલ્ડ વડે એક કાગજ પર લખી જો તે કાગજ અજવાલામાં લાવશો તો અક્ષરો તુરતજ દીપી નીકળશે.

(૨) સીલવર ઓફ નાઇટ્રેટ ૧ ભાગ, ડીસ્ટીલ્ડ પાણી ૫૦૦ ભાગ.

ઉપલી શાહી વડે લખી જો કાગજને અજવાલામાં લાવશો તો અક્ષરો તુરતજ દીપી નીકળશે.

પતરાં પર લખવા માટે શાહી.

નાઈટ્રીક એસીડ ૧૨ાા ભાગ, તાંબુ ૧ા ભાગ, પાણી ૨ા ભાગ કવીલ વડે લખવું.

ધાતુના સ્ટામ્પ માટે શાહી.

અલટ્રામેરીન ૨૫ ગ્રામ, સાલીટ તેલ ૭૫ ગ્રામ, ખુબ તરેહથી એકરસ કર્યા બાદ ઉપયોગમાં લેવું.

લાલ શાહી.

(૧) ૨૦ ગ્રેઈન કારમાઇન ૩ આંઉસ પાણીમાં મેળવો ત્યાર બાદ તેમાં જલદ એમોન્યાનું પાણી નાખો. (જ્યાં સુધી કારમાઈન પીગળે ત્યાં સુધી) ત્યારપછી તેમાં ૨૦ ગ્રેઇન અરેબીક ગુંદર વાટીને નાખી એકરસ કરો.

(૨) કારમાઈન ૨૦ ગ્રેઇન, જલદ એમોન્યાનું પાણી ૩ આંઉસ ગમ અરેબીક ૧૮ ગ્રેઈન, કારમાઇન અને એમોન્યાને મેળવી નાંખો, ત્યારબાદ તેમાં ગમ નાખી એકરસ કરો.

લીલી શાહી.

એનીલાઇન ગ્રીન ૨ ભાગ, ગ્લીસરાઇન ૧૬ ભાગ, આલકોહોલ ૧૧૨ ભાગ, ગ્યુગ્રીલેજ ઓફ ગમ અરેબીક ૪ ભાગ. સઘળાંને મેળવ્યા બાદ ગાળી નાંખી ઉપયોગમાં લેવા.

કપડાં પર ચિત્રો પાડવા માટે છુપી શાહી.

લાકડાંના ચોકઠાં ઉપર કપડાંને જોરથી બાંધી પછી નાની પીછી વડે નીચલી શાહીમાં બોળી તેના વડે કપડાંપર મન પસંદ ચીત્રો દોરો.

બ્લુ રંગનું ચીત્ર જોઈતું હોય તો નંબર ૧ લાની શાહી વાપરવી, પીળા રંગ માટે નંબર ૨ જાની શાહી વાપરવી.

નંબર ૧—સલફેટ ઓફ આર્યનને થોડાક ગરમ પાણીમાં પીગળાવી રાખી મુકો.

નંબર ૨—નાઇટ્રેટ ઓફ બીસમથને થોડાક ગરમ પાણીમાં પીગળાવી રાખી મુકો.

જો ચીત્ર બે જાતના રંગમાં દોરવું હોય તો એક શાહી સુકાયા બાદ બીજી શાહી વડે દોરવું.

ઉપર મુજબ દોરેલાં ચીત્રો માલમ પડશે નહિ, જ્યારે કપડાં ઉપર પ્રસીએટ ઓફ પોટાશના સોલ્યુશનમાં બોળેલું

પોટું ફેરવશો ત્યારે ચિત્ર કપડાં ઉપર તુરતજ દીપી નીકળશે. આવી રીતે ચીત્રો ફકત સફેદ કપડાં ઉપરજ દોરી શકાશે.

સ્યપલો ગ્રાફીક શાહી.

નીગ્રોસાઇન ૧ ભાગ, પાણી ૮૦ ભા.

ઉપલી ચીજોને એક રસ કર્યા બાદ ઉપયોગમાં લેવી,

ફાઉટન પેન માટે બ્લુબ્લેક શાહી.

૧ એકસ ટ્રેક ઓવ લોગવુડ ૩ અઉંસ, ૨ સલફેટ ઓફ આર્યન ૬॥ આ., ૩ ગમ એકેસીયા ૫ આ., ૪ પાણી ૮૦ આ., ૫ પોતાશીયમ બાઈ કારબોનેટ ૪ ડ્રામ, ૬ નીગ્રોસાઇન ૧ અઉંસ.

પહેલી ચાર ચીજોને ઉકાળો જ્યારે ગરમ થાય કે બાકીની બે ચીજો મેળવી દેવ, ત્યારબાદ ગાળી નાખી શાહીને ઉપયોગમાં લેવી.

કાગજની સ્લેટ.

જાડા કાગળના પુંઠાઓને મનપસંદ સાઈઝમાં કાપી તેના ઉપર નીચલી મેળવણી બે યા ત્રણ વખત બ્રશ વડે લગાડો. એક હાથ મારેલો સુકાય ત્યારબાદ બીજો હાથ મારવો.

કોપલ વારનીશ ૧ પાઉન્ટ, ટરપેન્ટાઇન ૨ પા. જીણી રેતી ૧ પા, કાચનો બારીક ભૂકો ૧ પા, સ્લેટનો ભૂકો ૨ પા. દીવાની કાજલ ૧ પા.

સઘળાને એક રસ કરી વાપરો.

ફ્રેન્ચ લાખ.

લાખ ૨ પાઉન્ડ, રાળ (પીલી) ૧ પા, વેનીશ ટરપેનટાઈન ૧ પા, ચાઈનીઝ વરમોલીન '૩ પા.

સઘળી ચીજોને એક રસ કરી ધીમી આંચે ચુલા પર મુકી તાવો. ત્યારપછી તેને લાકડીઓના આકારમાં ઓટી દેવી.

પારસલો માટે લાખ.

લાખ ૭ ભાગ, રાળ ૧૩ ભા. ટરપેનટાઈન ૧૦ ભા, ટરપેનટાઇનનું તેલ ૧ ભા, ચાક ૩ ભા, જીપસમ ૨ ભા, સીનેનબર ૫ ભા.

પીગળાવી એક રસ કરી નાખો પછી ઓટી દેવું.

લાલ રંગની લાખ.

લાખ ૨૦ ભાગ, ટરપીનટાઇન ૨ ભા, ટરપીનટાઇનનું તેલ ૧ ભા, ચાક ૩ ભા, જીપસમ ૩ ભા, મેગેનેસીઆ ½ ભા, સીનેનબર ૧૨ ભા.

પીગલાવી એક રસ કર્યા બાદ ઓટી દેવ,

કાળી લાખ.

લાખ ૧૫ ભાગ, ટરપીનટેઈન ૧૨ ભા, પાઇન એઝીન ૨૦ ભાગ, ચાક ૧૨ ભા, કાજલ ૧૬ ભા.

ઉપર લખ્યા મુજબ બનાવો.

સનંદ પર સીલ કરવા માટે લાખ.

પીળું મીણ ૨૪ ભાગ, ટરપીનટાઈન ૪½ ભા, ઓલીવ ઓઇલ ૧½ ભા.

ઉપલી ચીજોને સીનેનબરમાં મેળવી નાંખો.

ભાગ ૩જો.

કાચ, પોરસીલીન, સેલ્યુલોઈડ, આરસપહાણ વીગેરે ચીજો સાંધવા માટે સીમીટો-લીકવીડ ગ્લુ (ઇગ્લીશ) ગ્લુ પાઉડર વીગેરે બનાવવાની રીતો.

કાચ અથવા કોડી કામ સાંધવા માટે સીમીટ.

થોડાક કેસીનને પોતાસીયમ અથવા સીલીકેટ ઓફ સોડામાં પીગળાવ્યાથી કાચ અને પોરસીલીન માટે સરસ સીમીટ બનશે.

કાચ માટે સીમીટ.

ઈન્ડીઆ રબર ૧૦ ભાગ, કલોરોફોર્મ ૬ ભાગ, મેસ્ટીક ૨ ભાગ.

સઘળી ચીજોને એકરસ કર્યા બાદ ઉપયોગમાં લેવી.

કોડી કામ માટે સીમીટ.

૧ ભાગ ઈનસીંગ ગ્લાસને ૪ ભાગ પાણીમાં બોળી રાખો. પછી તેને ચાર ભાગ ગ્લેસીયલ એસેટીક એસીડમાં પીગળાવી ઉપયોગમાં લેવ.

કાચ, ચાઇનાવેર અને લાકડા માટે લંડન સીમટ.

અરેબીક ગુંદરનું જલદ સોલ્યુશન ૮¾ આઉંસ, સલફેટ ઓફ એલ્યુમીનમ ૩૦ ગ્રેઇન, પાણી ૨-૩ આઉંસ.

અરેબીકને સલફેટ ને પાણીમાં એક રસ કર્યા બાદ ઉપયોગમાં લેવ.

ઓફીસો માટે ચમત્કારી શાહી.

ચોખાનો આટો ૪૮ ભાગ, પલવરાઇઝડ કોસ્ટીક સોડા ૮ ભાગ.

બેઉ બારીક ભૂકો કરી એકરસ કરી નાંખો. પછી ઉપલા પાઉડરના પડીકાંઓ વાળી મુકો જ્યારે જોઇએ ત્યારે એક પડીકામાંનો પાઉડર કાચની પ્યાલીમાં નાંખી તેમાં પાણી રેડો જરા વારમાં ઉમદા શાહી બનશે.

કાચ કોડી કામ માટે પારદર્શક સીમીટ.

ઇનસીંગ ગ્લાસ નરમ થાય ત્યાં સુધી તેને પાણીમાં ભીંજવી રાખો. પછી પાણી નીતારી કહાડો. ત્યાર બાદ ઇન-સીંગ ગ્લાસ પીગળે એટલો તેમાં પરફ સ્પીરીટ રેડો જ્યારે પીગળી રહે કે તેમાં થોડુંક રાળનું વારનીશ ઉમેરો ત્યાર બાદ કાચ અને કોડી કામ સાંધવા માટે આ સીમીટ ઉપ-ગમાં લેવી.

કાચ, પોરસીલીન, ક્રોકરી અને આરસપહાણ માટે સીમીટ.

ઉપલી ચીજો સાંધવા માટે નંબર ૧માં દર્શાલેલી સીમીટ વાપરો.

હાથીદાંત માટે સીમીટ.

આલબ્યુમેન ૧ ભાગ, ગુંદરનું જલદ સોલ્યુશન ૧ ભાગ. ઉપલી ચીજોને એકરસ કરી ઉપયોગમાં લેવ.

કંસારા માટે સીમીટ.

ચુનો (ભુકો) લઈ બળદના લોહી સાથે મેળવી તુરતજ વાપરવી.

લુહાર માટે સીમીટ.

વાઈટલેડ અને એસબેસટીસને એકરસ કરી ઉપયોગમાં લેવી.

લાપી બનાવવાની રીત.

સુકકો વાઈટલેડ ૩ ભાગ, કેગ વાઇટલેડ ૧ ભાગ, વારનીશ ૧॥ ભાગ, જેપાન ૧॥ ભાગ.

લેબલો ચોંટાડવા માટે સીમીટ.

ડેક્ષટ્રીન ૨ ભાગ, એસેટીક એસીડ ૧ ભાગ, પાણી ૧ ભાગ, આલકોહોલ ૧ ભાગ.

માઉથ ગ્લુ અને સહેજ પસરાતથી પીગળે એવો ગ્લુ.

એક રતલ સફેદ સરસને ગરમીથી પીગળાવી તેમાં પા રતલ ખાંડ મેળવો. જ્યારે સઘળું એકરસ થાય ત્યારે એક સપાટ વસ્તુપર ઓટી દઈ ઠંડો પડયા પછી મનપસંદ ઘાટમાં કાપી નાંખો.

જ્યારે જરૂર પડે ત્યારે પાણીથી ભીંજવેલી આંગલી લગાડવાથી સરસ યાને ગ્લુ પીગળી જશે.

આવી રીતથી બનાવેલા સરસનો બગાડ યા ગેરઉપેયોગ થશે નહિ.

સાઇકલ, મોટર વગેરે રબરની ટયુબો સાંધવા માટે સીમીટ.

(૧)રબર ૧૦૦ ભાગ, રોઝીન ૧૫ ભાગ, શેલેક ૧૦ ભાગ.

૧ કારબોન બીસલફાઇડ

૨ કલોરોફોર્મ

૩ બેનઝોલ

૪ ગેસોલીન

પહેલી ત્રણ ચીજોને નીચલી ૪ ચીજમાંથી ગમે તે એક સાથે એકરસ કરો અને પાતળું લાહી જેવું સોલ્યુશન બનાવો

(૨) ગટાપરચા ૧ આઉંસ, કારબોન બીસલ ફાઇડ ૮ ભાગ, રોઝીન ૪૦ ગ્રેઇન

ઉપલાં સોલ્યુશનોને ખુલ્લી જગ્યાએ બનાવવાં કદી પણ ઉપલી ચીજોને આતશ નજદીક લઇ જવી નહિ. ગરમી આપવી હોય તો ગરમ પાણીમાં પીગળાવો ચુલા ઉપર મુકી પીગળાવવાં નહિ.

ચોખાના આટાની લાહી.

ચોખાના આટાનું પાણી કરી તે પાણીને ધીમી આંચે ગરમ કરી વાપરશો, તો તે ઘણીજ ટકાઉ લાહી તરીકે કામ લાગશે.

રબર સાંધવા માટે સીમીટ.

બે ભાગ ડામર અને એક ભાગ રબરને પીગળાવી એક રસ કરી ઓટી નાંખો. જ્યારે જોઇએ ત્યારે ગરમીથી પીગળાવી સાંધવાની સપાટી ઉપર રેડી તે સપાટીઓ મજબુત ડાબી દેવ.

પોસ્ટના પરબીડાં માટે ગુંદર.

(૧) ગમ અરેબીક ૧ ભાગ, સ્ટાર્ચ ૧ ભાગ, ખાંડ ૪ ભાગ, પાણી જોઇએ તેટલું લેવું.

ઉપલી ચીજોને એકરસ કર્યા બાદ થોડીક મીનીટ ઉકાળો. ઉકાળ્યા બાદ ઉપયોગમાં લેવ.

(૨) ડેક્ષટ્રીન ૧ ભાગ, ગ્લુકોસ ૪ ભાગ, ખાંડ ૧ ભાગ, પાણી જોઇએ તેટલું.

ઉપર કહ્યા મુજબ બનાવો.

ધાતુઓ ઉપર લેબલો ચોંટાડવા માટે ગુંદર.

ટીન માટે.

સ્ટાર્ચ ૧૦૦ ભાગ, સરસ ૫૦ ભાગ, ટરપીનટાઇન ૫૦ ભાગ, ગરમ પાણીમાં ઉકાળો.

કાચ માટે.

ડેક્ષટ્રીન (પીળુ) ૮ આંઉસ, ઠાઇમોલ ૧૦ ગ્રેઇન, ચોખ્ખું પાણી ૧૮ આંઉસ, એકરસ કર્યા બાદ ઉપયોગમાં લેવ.

પત્થર માટે.

એસફેલ્ટ ૧૦ ભાગ, ગટાપરચા ૧૦ ભાગ.

ઉપલી ચીજોને સાથે ઉકાળી ગરમ ગરમ વાપરવી.

કાચ ઉપર ચીત્રો ચોંટાડવા માટે ગુંદર.

સફેદ જીલેટીન ૫ આંઉસ, (જોખીને) ને ૬ આંઉસ માપીને પાણીમાં ૧૨ કલાક ભીંજવી રાખો. પછી ઉપલાં મિશ્રણને ગરમ પાણીમાં પીગળાવો, ત્યારબાદ તેમાં ૫ આંઉસ (માપીને) એસેટીક એસીડ રેડી એકરસ કરો. પછી ૧૬ આંઉસ જેટલું મિશ્રણ થાય તેટલું પાણી રેડો.

આ ગુંદર વડે કાચ ઉપર સફાઇથી ચીત્રો ચોંટાડી શકાશે.

સેલ્યુલોઇડને જોડવા માટે સીમીટ.

આલકોહોલ ભાગ ત્રણ ને ઈથર ભાગ ચારમાં મેળવી એક બાટલીમાં ભરી રાખો. જ્યારે જોઇએ ત્યારે બ્રશ વડે આ સીમીટ સેલ્યુલોઇડ પર લગાડવી, લગાડયા બાદ જોડેલા ભાગને મજબુતાઈથી બાંધી રાખવા.

સાઇકલની ટયુબ સાંધવા માટે સીમીટ.

અનવલ કે નાઇઝડ રબરના ટુકડાને બેનઝાઈન યા સલફાઇડ ઓફ કારબોનમાં પીગળાવી એક ટીનના ડબ્બામાં ભરી રાખો, જ્યારે જોઇએ ત્યારે વાપરવું.

આરસપહાન સાંધવા માટે સીમીટ.

રાળ ૪ ભાગ ને મીણ ભાગ ૧/૨ ને સાથે તાવો, ત્યારબાદ તેમાં પલાસ્તર ઓફ પેરીસ ભાગ ૨॥ એકરસ કરો.

જે ટુકડાઓને સાંધવા હોય તેને પહેલાં ગરમ કરવા પછી સીમીટ લગાડી સાંધી દેવા.

ગ્લુને સફેદ બનાવવાની રીત.

ગ્લુને પાણી જેવો બનાવી પાછો ઘટ કરો અને ગરમ ગ્લુમાં ઓકઝેલીક એસીડ અને સફેદ ઓકસાઇડ ઓફ ઝીન્ક એ બેઉને ૧ ટકાના પ્રમાણમાં ગ્લુ સાથે એકરસ કરો.

મ્યુસીલેજ બનાવવાની રીત.

સફેદ સરસ ૪ ભાગ, પાણી ૪ ભાગ, જલદ સરકો ૪ ભાગ, આલકોહોલ ૧ ભાગ, ફટકીનું સાધારણ સોલ્યુસન (સાધારણ) સરસને ગરમ પાણીમાં પીગળાવી તેમાં બાકીની ચીજો એકરસ કરી નાંખો.

ઉમદા લાહી બનાવવાની રીત.

જીલેટીન ૪ ભાગમાં લઇ ૧૬ ભાગ પાણીમાં નરમ થાય ત્યાં સુધી બોળી રાખો, પછી ગરમ પાણીમાં પીગળાવો, પછી તુરતજ તેમાં ૨ પાઉન્ડ ચોખાનો આંટો અને એક પાઇન્ટ પાણીના અગાઉથી બનાવી મુકેલાં મિશ્રણને ઉપલામાં રેડી એકરસ કરી નાંખો, પછી પાછું ઉકાળો અને જયારે મધ જેવું ઘટ થાય ત્યારે ઉતારી પાડી તેમાં ૬ ગ્રેઇન સીલીકેટ ઓફ સોડા ઉમેરી ખુબ તરેહથી એકરસ કરો. ત્યારબાદ તેમાં ૨ ડ્રામ લવેંગનું તેલ નાખી પાછું એકરસ કરો.

આ પ્રમાણે બનાવેલી લાહી ઘણી ઉમદા બનશે.

વેલાતી લીકવીડ ગ્લુ (સરસ) બનાવવાની રીત.

(૧) સફેદ સરસ ૪ ભાગ, લેડકારબોનેટ ૧ ભાગ, પાણી ૮ ભાગ, આલકોહોલ ૧ ભાગ.

પહેલાં સરસને એક વાસણમાં મુકી તે વાસણને બીજા ખખરતાં પાણીથી ભરેલાં વાસણમાં મુકી પીગળાવો. ત્યાર બાદ વારાફરતી ચીજો ઉમેરી ખુબ તરેહથી એકરસ કરો. થોડોક વખત ગરમી આપી બાટલીઓમાં ભરી લો.

(૨)સરસ(નાનાટુકડા) ૬૦ ભાગ, પાણી ૧૬ ભાગ, સલફેદ ઓફ ઝીન્ક ૧ાા ભાગ, હાઈડરો કલોરીક એસીડ ૧ ભાગ.

સરસમાં પાણી રેડી થોડાક કલાક રહેવા દેવું. પછી તેમાં બાકીની ચીજો એકરસ કરો. આ મિશ્રણને ૧૦થી ૧૨ કલાક સુધી ૧૭૫ એફ. ડીગ્રીપર રહેવા દેવ.

આ ગ્લુ વડે લગભગ સઘળી ચીજો જેવી કે કાચ, પોરસીલીન, મધર ઓફ પર્લસ જોડી શકાશે.

(૩) સરસ ૪ાા ભાગ, પાણી ૧૨ ભાગ,

ઉપલી ચીજોને એક રસ કરી થોડાક કલાક રહેવા દેવ. પછી તેમાં નીચલી ચીજો ઉમેરી દઈ ૧૦થી ૧૨ કલાક સુધી ૧૮૦ એફ ડીગ્રીપર રહેવા દેવ.

મ્યુરીએટીક એસીડ ૦ાા ભાગ, સલફેટ ઓફ ઝીન્ક ૧$\frac{1}{2}$ ભાગ.

આ ગ્લુ ઘણો-જલદ બનશે.

છરીના પાનાં હાથામાં બેસાડવા માટે સીમીટ.

રાળ ૪ ભાગ, મીણુ ૧ ભાગ, પ્લાસ્ટર ઓફ પેરીશ ૧ ભાગ.

છરીના પાનાનો જે ભાગ હાથામાં બેસાડવાનો હોય તેને પહેલાં ગરમ કરો. પછી ઉપલી સીમીટ હાથાના કાણામાં રેડો ત્યાર બાદ છરીનો ગરમ ભાગ હાથામાં જોરથી બેસાડી દેવો.

અબરખ જોડવા માટે સીમીટ.

પહેલાં જીલેટીનને પાણીમાં બોળી નરમ બનાવો. પછી વધારાનું પાણી કહાડી નાંખી જીલેટીનને એક વાસણમાં મુકી તે વાસણને ખખલતા પાણીમાં મુકી પીગળાવો. પછી તેમાં જીલેટીન પાતળું થાય તેટલો પરૂફ સ્પીરીટ રેડો. ત્યાર બાદ દરેક એક પાઉન્ટ ઉપલાં સોલ્યુશનમાં નીચલું સઘળું મિશ્રણ રેડો ને ખુબ તરેહથી એકરસ કરો.

ગમ એમોનીક ૦ા ભાગ, રેકટીફાઈડ સ્પીરીટ ૧ આઉંસ.

આ સીમીટને કાચના બુચની બાટલીમાં ભરી મૂકો, વાપર્યાં પહેલાં ગરમ કરો.

વેલાતી સરસ અને ગ્લુ બનાવવાની રીત.

પહેલાં સરસને પીગળાવી તેમાં તેના વજન જેટલો સરકો તથા તેના વજનનો પા ભાગ જેટલો આલકોહોલ તથા થોડીક ફટકી નાંખીને ખુબ તરેહથી એકરસ કરી બાટલીમાં ભરી દેવ. ઠંડુ પડયા બાદ ઉપયોગમાં લેવ.

હાથીદાંતને બીજી ચીજો સાથે જોડનારી સીમીટ.

(૧) મીણ ૧ ભાગ, રાળ ૧ ભાગ, ટરપેનટાઇન ૧ ભાગ.

ઉપલી ચીજોને એકરસ કર્યા બાદ તેમાં માઉટનફ્લેશ ઉમેરી ઉપયોગમાં લેવ.

(૨) ગટાપરચા ૨ ભાગ, પીચ ૨ ભાગ.

જે ચીજો જોડવાની હોય તેને તાપ દેખાડી ગરમ કરો. ત્યાર બાદ સીમીટ લગાડી જોરથી ડાબી દેવ.

કાચ માટે સીમીટ.

પ્યુમીસ સ્ટોન ૫ ભાગ, ટરપીનટાઇન ૧ ભાગ, શેલેક ૨ ભાગ. એકરસ કર્યા બાદ ઉપયોગમાં લેવ.

ચામડાં જોડવા માટે સીમીટ.

દશ ભાગ બીસલફાઈડ ઓફ કારબોન નેટ એક ભાગ ઓઇલ ઓફ ટરપીનટાઇનમાં પીગળાવો પછી તેમાં ગટાપરચા લાહી જેવું ઘાડું થાય તેટલું ઉમેરો.

જે ભાગો જોડવાના હોય તે ભાગોને ઓખવી પાટલા બનાવો. પછી તે ભાગો ઉપર ઘણીજ પાતળી જેત્રી સીમીટ ચોપડો પછી સીમીટ લગાડેલા ભાગોને અડધો મીનીટ તાપ દેખાડો ત્યાર બાદ તે ભાગોને જોડી દઇ થોડાક વખત સુધી દબાવી રાખો.

તેજાબની સામે ટકે એવું સીમીટ.

(૧) પાડપ કલે અને કોલતારનું મીક્ષચરકરી ઘટ લાહી જેવું કરી લગાડવું.

(૨) સીલીકેટ ઓફ્ સોડાનું ઘટ સોલ્યુશન લઈ તેમાં કાચનો ચુરો એટલો ઉમેરો કે તેથી કરી એક જાતની લાહી થઇ રહે. આ તેજાબના વાસણનાં સાંધાને ઝરપતા બંધ કરવા માટે ઉપયોગી છે.

ગળતાં પીપો માટે સીમીટ.

(૧) ચરબી ૩૦ ભાગ, સીંધવ ૩૦ ભાગ, મીણ ૧૦ ભાગ, અને પેરેફીન ૬ ભાગ. આની અંદર બળેલા લાકડાની રાખ ચાળેલી ઉમેરો આ સીમીટ પીપના ગળતા ભાગોમાં ગરમ ગરમ લગાડો.

દારૂવાલાઓનાં પીપોને લખોટવાનું સીમેન્ટ.

રાળ ૦ll રતલ, એલેક (ચાપડા લાખ) ૨ આઉંસ, ટરપેનટાઇન ૨ રતલ, પીળું મીણ ૦ll આઉંસ તેજદાર આલકો હોલ ૨ પાઇન્ટ. એકરસ કરી ગરમી આપ્યા વગર મેળવો. પછી આ મેળવણી પીપના અંદરના ભાગને બે વખત લગાડી સુકાવા મુકો. પછી એક ત્રીજો હાથ લગાવો. સુકાયા બાદ ૧ રતલ ચાપડા લાખને બે પાઇન્ટ સ્ટ્રોંગ આલકોહોલમાં પીગળાવો અને તે લગાડો. આથી છિદ્રો પુરાઇ જશે, અને બીર જેવા દારૂને કાંઈ પણ જાતનો પટ મારવા દેશે નહિ.

પ્લમબર સીમેન્ટ.

કાળી રાળ ૧ ભાગ, મુંટનો ચુરો ૧ ભાગ, બંનેને ચુલા ઉપર રાળ પીગળે ત્યાં સુધી ગરમી આપો. છેલ્લે બરાબર એક રસ કર્યા બાદ વાપરો.

ચશમાના કાચ માટે સીમેન્ટ.

કેનેડા બાલસમને ચશમા બનાવનારાઓ કાચો સાંધવામાં વાપરે છે કારણ કે તે તદ્દન પારદર્શક છે.

બીલીઅર્ડની કયુ–ટીપનું સીમેન્ટ.

રશીયન અઇઝીંગ ગ્લાસ, ૧ આઉંસ ડીસટીલ કીધેલું પાણી, ૨ આંઉસ માપથી. ગ્લીસરાઇન ૨ આઉંસ, ગ્લેશીયલ એસેટીક એસીડ, ૧ આઉંસ એકરસ કરી વાપરો.

કોર્ક (બુચ) ઉપર વળગાવવાનાં લેબલ.

ગમટ્રેગેકેન્થ ૧ આઉંસ, ગમઅરેબીક ૪ આઉંસ એને એક પાઇન્ટ પાણીમાં પીગળાવી ગાળી નાંખો. અને તેમાં અજમાનાં ફુલો ૧૪ ગ્રેન અને ૪ આઉસ ગ્લીસરાઈન મીક્ષ કરી પછી ઉમેરો છેલ્લે બે પાઇન્ટ મશ્રણ બનાવવા સારૂ બાકી બીજું વધુ પાણી ઉમેરો.

નીકલપરનાં લેબલો.

ડેક્ષસ્ટ્રીન ૪૦ ભાગ જેટલું લઇ તેમાં ૫૦ ભાગ પાણીમાં પીગળાવો અને ૨ ભાગ ગ્લીસરાઇન અને ૧ ભાગ ગ્લુકોસ ઉમેરી ગરમ કરો.



ભાગ ૪ થો.

હેરઓઇલો=પાઉડરો=ક્રીમો=ગ્લીસીરીનટાઇન દાંતના મંજનો=નાટકશાળાના એકટરો માટે રંગીન પાઉડરો વીગેરે ચીજો બનાવવાની રીતો.

રોઝફેઇશ પાઉડરો.

(૧) સ્ટાર્ચ ૩–૧૫ ગ્રામ, ગુલાબનું તેલ ૨–૧૫ ગ્રામ, ઓઇલ બરગેમોન્ટ ૨૦ ટીપાં, ગુલાબનું અત્તર, ૧૦ ટી, રોઝ જીરેની યમ ઓઇલ ૬૦ ટી.

ખુબ તરેહથી મેળવીને ચાળી કાઢયા બાદ પાઉડર તરીકે ઉપયોગમાં લેવું.

(૨) બેસ ૯ પાઉન્ડ, ફ્લોરેનટાઇન ઓરીસનો ભૂકો ૧ પા. ઉપર મુજબના અત્તરો તેજ પ્રમાણમાં લેઇ ઉપર લખ્યા પ્રમાણે બનાવી ઉપયોગમાં લેવ.

બ્યુટીક્રીમ.

એક માટીના વાસણમાં નીચલી ચીજો નાંખી ધીમી આંચે પીગળાવો. જ્યાં સુધી પાણીનો ભાગ ઉડી જાય ત્યાં સુધી ગરમ કરો. બંધઇ જાય નહિ તેની સંભાળ લેવી.

ફટકીનો ભૂકો ૧૦ ગ્રામ, બે ઇંડાની સફેદી.

જ્યારે ઠંડુ પડે ત્યારે વેજવુડ મોરટરમાં નાંખો. પછી તેમાં નીચલી ચીજો નાંખી ખુબ તરેહથી એકરસ કરો.

બોરીક એસીડ ૩ ગ્રામ, ટીંકચર ઓફ બેનઝોઇન ૪૦ ટીપાં, ગ્લેટીનનું સોલ્યુશન ૫ ટીપાં, ઓલીવ ઓઇલ ૪૦ ટીપાં.

ત્યારબાદ ચોખાનો આટો અને અતર મનપસંદ ઉમેરો ઓલીવ ઓઇલની જગ્યાએ નીચલી કોઈપણ ચીજ વાપરી શકાશે.

વેસીલીન, ગ્લીસરાઇન, ચોખ્ખી ચરબી,

લવન્ડર વોટર.

એસેન્સ ઓફ મસ્ક ૪ દ્રામ, એસેન્સ ઓફ અમ્બરગ્રીસ ૪ દ્રામ, તજનું તેલ ૧૦ ટીપાં, ઇંગ્લીશ લવન્ડર ૬ દ્રામ, જીરેનીયમનું તેલ ૨ દ્રામ, સ્પીરીટ ઓફ વાઇન ૨૦ આંઉસ.

ઉપલી સઘળી ચીજોને એકરસ કરી નાંખો પછી ઉપયોગમાં લેવ.

પોમેટમ.

ચરબી (સાફ કીધેલી) ૧ પાઉન્ડ, લાર્ડ ૩ પાઉન્ડ, ઓઇલ ઓફ બરગેમોન્ટ ૧ આંઉસ.

પહેલાં પહેલી બે ચીજોને પીગળાવી નાંખો, પછી તેમાં ઓલીડ ઉમેરી એકરસ કરો.

બ્રીલીયનટાઇન.

(૧) ચરબી ૪૦ આંઉસ, મીણુ ૪૦ આંઉસ, સીસમનું તેલ ૪૦ આંઉસ.

ગરમ પાણીના વાસણમાં પીગળાવો અને ઠીનુ આવે તેમ જોરથી હલાવો. પછી તેમાં નીચલી ચીજો એકરસ કરી નાંખો.

વેલાતી એડીયું ૨૧ આંઉસ, ટ્રેગેકેન્યમ્યુસીલેજ ૨૦ આંઉસ

(૨) આલકોહોલ ૪ આંઉસ, વેલાતી એડીયું ૨ આંઉસ નીરોલીનું તેલ ૨૦ મીનીમ્સ, રોઝજીરેનીયમનું તેલ ૧ મીનીમ્સ, લેમનું તેલ ૫૦ મીનીમ્સ.

બ્રીલીયન ટાઇન જો પીળા રંગનું બનાવવું હોય તો કેશર વાપરવું.

(૩) લાર્ડ ૩॥ આંઉસ, સુપર મેસીટાઇ ૩॥ આંઉસ, બદામનું તેલ ૩॥ આંઉસ, મીણ ૧ આંઉસ.

સઘળી ચીજોને સાથે મેળવી નાંખી મનપસંદ અત્તર ઉમેરો. ત્યારબાદ ઉપયોગમાં લેવ.

કોલ્ડક્રીમ્સ.

(૧) નીચલી ચીજોને એકરસ કરી એક વાસણમાં મુકો પછી તે વાસણને એક બીજા ગરમ પાણીથી ભરેલાં વાસણમાં મુકી પીગલાવો, પછી તેને ખુબ તરેહથી એકરસ કરી નાંખો.

સફેદ મીણ ૪૦ ગ્રામ, સુપર મેસીટાઇ ૫૦ ગ્રામ, રાઇનું તેલ ૨૮૦ ગ્રામ.

ત્યારબાદ તેમાં અગાઉથી ગરમ ગુલાબના ૧૬૦ ગ્રામ પાણીમાં રાખેલાં ટંકનખાર ૨ ગ્રામને ઉપલામાં રેડી એકરસ કરી નાંખો, છેલ્લે ૪૦ ગ્રામ રાઇનું તેલ અને ૧૨ ટીપાં ગુલાબના તેલમાં નાંખી ખુબ તરેહથી એકરસ કરો.

(૨) સફેદ પેરેફીનનું તેલ ૬૦૦ ગ્રામ, સફેદ મીણ ૧૫૦ ગ્રામ, ગુલાબનું પાણી ૨૪૦ ગ્રામ, ટનકન ખાર ૯ ગ્રામ,

પોમેટમ્સ.

લાર્ડ ૧ આંઉસ, ચરબી ૧ આંઉસ, મીણ ૪ આંઉસ, એસેન્સ બરગેમોન્ટ ૧ આંઉસ.

અગાઉ વર્ણવામાં આવેલી પોમેટમ્સ બનાવવાની રીતે બનાવી ઉપયોગમાં લેવ.

રેડ રોઝ હેર ઓઇલ.

ઓલીવ ઓઇલ ૨ પાઇન્ટ, ઓટો ઓફ રોઝીઝ ૧ દ્રામ, આઇલ ઓપ્ રોઝમેરી ૧ દ્રામ.

ઉપલી સઘળી ચીજોને એકરસ કર્યા બાદ તેમાં નીચલો રંગ ઉમેરો.

૧ દ્રામ ઓલીવ તેલમાં આલકેનેટ રૂત મુકી ગરમ કરો. મનપસંદ રંગ થાય કે તુરતજ રૂત કાઢી લેવ. પછી આ પ્રમાણે બનાવેલો લાલ રંગ ઉપલી એકરસ કરેલી ચીજોમાં નાંખી એકરસ કરો.

રોઝ જીરેનીયમનું તે ૧ ગ્રામ, ગુલાબનું તેલ ૧૫ ટીપાં.

પહેલાં પહેલી બે ચીજોને પીગળાવો. (ઉપલી રીત પ્રમાણે) પછી ટનકન ખારને ગુલાબના પાણીમાં પીગળાવી ઉપલામાં એકરસ કરી નાંખો ને ખુબ તરેહથી હલાવો પછી બાકીની ચીજો ઉમેરી એકરસ કરી નાંખો.

રોઝ હેર ઓઇલ.

ઓલીવ ઓઇલ ૨ પાઇન્ટ, ઓટો ઓફ રોઝીઝ ૧૦ ટીપાં, એસેન્સ ઓપ્ બરગેમોન્ટ ૫ ટીપાં.

એક બાટલીમાં એકરસ કરી નાંખો.

ઘણાં ખરાં સસ્તાં તેલોમાં ઓલીવ ઓઇલને બદલે વાઇટ ઓઇલનો ઉપયોગ કરવામાં આવે છે પણ તે નુકશાનકારક છે.

દાંતનું મંજન.

(૧) રોઝપીન્ક ૨ ડ્રામ, પ્રીસીપીટેટેડ ચાક ૧૨ ડ્રામ, ક્વીનાઇન સલફેત ૬ ગ્રેઇન, કારબોનેટ ઓફ મેગ્નેસીયા ૧ ડ્રામ,

એકરસ કરી નાંખ્યા બાદ ઉપયોગમાં લેવ.

(૨) ખાંડ ૧૨૦ આઉંસ, ફટકી ૧૦ આઉંસ, ક્રીમ ઓફ ટારટર ૨૦ આઉંસ, કોચીનીલ ૩ આઉંસ.

(૩) પ્રીસીપીટેડ ચાક ૫૦૦, ઓરીસરૂટ ૫૦૦, કારમાઇન ૧, ખાંડ ૧, ગુલાબનું એસેન્સ ૪, નીરોલીનું એસેન્સ ૪.

એકરસ કરી ઉપયોગમાં લેવ.

(૪) ચાક ૨૦૦ આઉંસ, કટલબોન ૧૦૦ આઉંસ, ઓરીસરૂટ ૧૦૦ આઉંસ, બરગેમોન્ટ ઓઇલ ૨ આઉંસ, લેમન ઓઇલ ૪ આઉંસ, નીરોલીનું તેલ ૧ આઉંસ.

વાયોલેટ ટુથ પાઉડર.

પ્રીપેરડ ચાક ૩ આઉંસ, કટલ ફીશબોન પાઉડર ૨ આંઉસ, ખાંડ ૨ આંઉસ, ઓરીસરૂટ ૧ આંઉસ, સ્મોલ્ટ ૨ આંઉસ, સીરપ ઓફ વાયોલેટ સાધારણ. એકરસ કરી ઉપયોગમાં લેવ.

થાઇમોલ ટેનટ્રીફીસ.

થાઇમોલ ૩ ગ્રામ, બેનઝોઇક એસીડ ૩૦ ગ્રામ, ટીન્કચર

ઓઇલ યુકેલીપટલ ૧૫૦ c. c. ઓઈલ ઓફ ટરપીનટાઇન ૧.૫ c. c. આલકોહોલ ૧૦૦૦ c. c.

એકટરો માટે લાલ પાઉડર.

પાઉડર વેનીશીયન ટેલ્ક ૧૦૦ ગ્રામ, કારમાઈન ૨-૫ ગ્રામ, એમોન્યાનું પાણી ૨૦ ગ્રામ.

કારમાઇનને એમોન્યાંમાં પીગળાવો પછી ટેલ્ક નાખી એક રસ કરો ત્યાર બાદ સુકાવા મુકો. પછી તેનો ભુકો કરી પાઉડર માફક ઉપયોગ કરો.

એકટરો અને સફેદ પાઉડર.

પાઉડર વેનીશીયન ટેલ્ક ૩૦૦ ગ્રામ, બીસમથ ઓક્ષી ક્લોરાઇડ ૫૦ ગ્રામ, કારમાઈન ૦૫ ગ્રામ, ઓઈલ બરગેમોન્ટ ૧૦ ટીપાં, ઓઇલ નીરોલી ૨ ટીપાં.

એકટરો માટે કાળો રંગ.

ડ્રોપબ્લેક ૨ ડ્રામ, બદામનું તેલ ૨ ડ્રામ, કોપરેલ ૬ ડ્રામ.

એકરસ કર્યા બાદ મનપસંદ અત્તર નાંખી લાકડીઓના ઘાટમાં ભરી દેવ.

એકટરો માટે લાલ રંગ.

ઓકસાઈડ ઓફ ઝીન્ક ૧૦ ડ્રામ, સબનીટ્રેટ ઓફ બીસમથ ૧૦ ડ્રામ, પ્લમબેટ ઓફ એલ્યુમીન ૧૦ ડ્રામ, ઇસોઝીન ૨ા ડ્રામ, વોકેટનું એસેન્સ ૧ ડ્રામ, પીપરમીટનું તેલ ૧૨ મીનીમ્સ, કપુર ૧૨ ગ્રેઈન.

બદામનું તેલ જોઇએ તેટલું લેવું અને ઘાડો રંગ બનાવવો.

ભાગ ૫ મો.

ફરનીચર, વાંસ, પંખા, ટ્રાન્સપેરન્ટ વારનીશો–ફરનીચર પાલીશો–ઓઇલ કલોથ, છત્રી માટે વોટરપ્રુફ વારનીશ, સાઇકલ, મોટર, ટ્રન્કો વીગેરે માટે જાતજાતનાં રંગો, તેલો વીગેરે વીગેરે ચીજો બનાનવાની રીતો.

સસ્તો ઝમકદાર કાળો રંગ.

ગમ અંબર ૧૬ આંઉસ, ખખલતું લીનસીડ ઓઇલ ૧॥ પાઇન્ટ, એસફેલ ટમ ૩ આંઉસ, રાળ ૩ આંઉસ ટરપીનટાઇન ૧ પાઇન્ટ.

ગમને લીનસીડમાં પીગળાવો, ત્યારબાદ એસફેલટમ અને રાળને ઉમેરી દેવ ને ચુલા પર મુકી પીગળાવો. પછી તેમાં સહેજ ગરમ કરેલું ટરપીનટાઇન રેડી દેવ.

ટ્રંકો માટે કાળો રંગ.

બ્રાઉન વારનીશ ૧ ગેલન, મીનરલ બ્લેક ૦॥ પાઇન્ટ, ઝીન્ક સલફાઇડ ૧ પાઇન્ટ, મેથીલેટેડ સ્પીરીટ ૧ પાઇન્ટ.

સઘળાને એકરસ કર્યા બાદ વાપરો. આ રંગ ઝપાટામાં સુકાઇ જાય છે. માટે ધુળ લાગવાની ઝાઝી બીક રહેતી નથી.

છત્રીઓ માટે વોટર પ્રુફ કપડું બનાવવાની રીત.

પહેલાં કપડાં ઉપર વાદળી વડે નીચલું મીશ્રણ લગાડો.

(૧) સલફેટ ઓફ એલ્યુમીના ૧ ભાગ, પાણી ૧૦ ભાગ.

(૨) રાળ ૧ ભાગ, કારબોનેટ આફ સોડા (નીસટલ) ૧ ભાગ, પાણી ૧૦ ભાગ.

રાળ પીગળે ત્યાં સુધી ઉકાલો.

મિશ્રણ નંબર ૨નો ૧ ભાગ લઇ ૩૦ ભાગ પાણીમાં નાંખી ઉકાળો. ઉકળ્યા બાદ કપડાંપર લગાડો.

ઓઇલ કલોથ.

સ્પેનીશ કલે અથવા પાઈપ કલે લઈ તેમાં બોઈલ્ડ લીન સીડ ઓઇલ રેડી મધ જેવું ઘટ બનાવો. પછી તેમાં આખા મિશ્રણનો ૦ા ભાગ જેટલો લીથારજ નાંખો. પછી ઉપલી મિશ્રણ કપડાં ઉપર તવીથા વડે લગાડો. સુકાયા બાદ બીજો હાથ મારો ખરબચડું લાગે તો પ્યુમીસ સ્ટોનનો ભુકો ભીજાયેલાં કપડાં ઉપર નાંખી તે ઘસો. ત્યારબાદ ત્રીજો હાથ મારો સુકાયા બાદ પાણીથી ધોઇ નાંખો. સુકાયા બાદ નીચલું વારનીશ લગાડો.

લાખ, ટરપીનટાઈન, લીનસીડ ઓઇલ સરખે ભાગે લઇ ઉકાળ્યા બાદ વાપરો.

જો રંગીન બનાવવું હોય તો રંગ ત્રીજો હાથ મારતી વખતે મેળવવો.

લીલા રંગ માટે વરડીગ્રીસ–બુરામાપ્ટ વાઇટલેડ અને કાજળ આંખા બ્લુ માટે ઇન્ડીગો અને સફેદ રંગ વાપરવો.

કપડાંને પારદર્શક બનાવવા માટે વારનીશ.

કેનેડા બાલસમને ટરપીનટાઇનમાં પીગળાવો પછી તેમાં

વીલાયતી એરડીઆના થોડાક ટીપાં નાંખો. પછી બ્રશ વડે ઉપલું વારનીશ કપડાંપર લગાડો. હાથ એક સરખો મારવો.

ફરનીચર માટે પાલીશ.

એક પાઇન્ટ બોઇલ્ડ ઓઇલમાં ૩થી ૪ ટુકડા સેનડાર્ક ના નાંખી પીગળાવો. ત્યાર બાદ ચુલાપર મુકી ઉકાળો. ઠંડુ પડવા આવે ત્યારે વેનીશ ટરપીનટાઇન નાંખો.

વાપરવાની રીત—ફરનીચરપર લગાડયા બાદ બેથી ત્રણ કલાકમાં ઘસી નાંખવું ફરનીચરને રોજ સાફ કરવું મહિનામાં એક કે બે વખત ઉપલું વારનીશ લગાડવું.

ફરનીચર ક્રીમ.

મીણ ૨૫૦૦ ભાગ, પોતાસીયમ કારબોનેટ ૨૫ ભાગ, ઓઇલ ઓફ ટરપેટાઇન ૪૦૦૦ ભાગ, પાણી (વરસાદનું) ૪૫૦૦ ભાગ.

પોતાસીયમને ૧૫૦૦ ભાગ પાણીમાં પીગળાવી તેની અંદર મીણ નાંખી પીગળે ત્યાં સુધી ઉકાળો. ઠંડું પડયા બાદ ટરપીનટાઇનિ અને બાકીનું પાણી રેડી દેવું. ચુલાપરથી ઉતાર્યા બાદ સારી પેઠે એકરસ કરવું.

ફરનીચરને પુકકાં પાણી વડે ધોઇ ક્રીમ ઉપર ઘસવું.

ફરનીચર માટે ડસ્ટ કલોથ.

૩૦ ભાગ પેરેફીનને ૧૦ ભાગ બેવડી સાફ કરેલા રેપ-સીડ ઓઇલમાં ગરમી આપી પીગળાવો. ત્યારબાદ તેમાં ૧

ભાગ બેનજામીન ગુંદર એકરસ કરો. પછી કપડાંના ટુકડાઓને ઉપલી મેળવણીમાં તર થાય ત્યાં સુધી બોળી રાખો. ત્યાર પછીં નીચવી નાંખી સુકાવા મુકો.

આ કપડા વડે ફરનીચર સફાઇદાર તેમજ ચલકતું બનશે.

ચીત્રો માટે વોટરપ્રુફ વારનીશ.

ગટાપરચાનું સોલ્યુશન બનાવી ચીત્રો તથા નુકશાઓ ઉપર બ્રશ વડે લગાડો.

ચળકતો રંગ.

પોતાસીયમ બાઇક્રોમેટ ૪ ભાગ, જીલેટીન ૪ ભાગ, કેલસીયમ સલપ્રાઇડ ૫૦ ભાગ.

હરેકને બારીક વાટી એકરસ કરો. પછી એક ભાગ ઉપલી ચીજોને ૨ ભાગ ખખલતાં પાણીમાં એકરસ કરી ઘાડા રંગ માફક બનાવો. પછી બ્રશ વડે લગાડો.

સ્ટીલ માટે લેકર (રોગાન)

મેસ્ટીક રેઝીન ૮ આંઉસ, કપુર ૪ આંઉસ, સ્પીરીટ ઓફ વાઇન ૧ કવાટર, ગમ એલીમી ૪ આંઉસ, સેનડાર્ક રેઝીન ૧૨ આંઉસ. એકરસ કરી ગાળીને ઉપયોગમાં લેવું. પતલો કરવો હોય તો આલકોહોલ વાપરો.

સફેદ વારનીશ.

કોપલ ળા આઉંસ, કપુર ૧ આંઉસ, આલકોહોલ ૧ કવોટર. પીગળાવીને તેમાં નીચલી ચીજો ઉમેરો.

મેસટીક ૨ આંઉસ, વેનીશ ટરપેનટાઇન એક આંઉસ, પીગળાવ્યા બાદ ગાળીને ઉપયોગમાં લેવું.

વાયોલીન માટે વારનીશ.

રેકટીફાઈડ આલકોહોલ ૦ાા ગેલન, સેનદાર્ક ગુંદર ૬ આંઉસ, મેસ્ટીક ગુંદર ૩ આંઉસ, ટરપીનટાઈન વારનીશ ૦ાા પાઈન્ટ. ગરમ કરી એકરસ કરો. પછી ગાળીને બાટલી-ઓમાં ભરી રાખો.

જે રંગનું વાયોલીન બનાવવું હોય તે રંગ વાયોલીન પર પહેલાં લગાડો. લગાડયા બાદ ઉપલું વારનીશ લગાડો.

પારદર્શક ચીજો માટે વારનીશ.

સફેદ મીણુને ટરપીનટાઇનના તેલમાં પીગળાવી ઉપ-યોગમાં લેવું.

પેન્ટર માટે વારનીશ.

ડ્રાઇ લીનસીડ ઓઇલ ૨ કવાટર, કોપલ (ઉકાલીને ઘટ કીધેલું) ૧-૮ પાઉન્ડ, લેડ ઓફ એસીટેડ ૭-૮ ગેલન.

ટીનના ડબ્બા માટે સોનેરી રંગ.

ડાર્ક કોપલ લેકર ૩ ભાગ, લીનસીડ ઓઇલ ૧ાા ભાગ, ડબ્બાઓ સાફ કરી ઉપલો રંગ લગાડવો. ઉપલાં રંગ વડે રંગેલાં પતરાંઓ વાળવાથી રંગ નીકળી જતો નથી.

પારદર્શક વારનીશ.

ગમસેનડાર્ક ૪ ભાગ, ટરપીનટાઇન ૭ ભાગ, સ્પીરીટ ઓફ ટરપીનટાઈન ૨૮ ભાગ,

ગરમ પાણીના બાથમાં ત્રણે ચીજોને પીગળાવો. વાપરવું
ı તેની એક કલાક આગળ ઉપલાં વારનીશથી ભરેલી
!લીને તડકામાં મુકો.

કાળો વોટરપ્રુફ રંગ.

કારબોન બ્લેક ૧૦ પાઉન્ડ, પેરીસ વાઇટ ૯૦ પાઉન્ડ,
.ઈટ ૬૦ પાઉન્ડ, લીથારજ ૨૧ પાઉન્ડ, વાઈટ લેડ ૨૧
ાન્ડ, નરમ સાબુ, ૧૭ પાઉન્ડ, બોઇલ્ડ ઓઈલ ૧૦ પાઉન્ડ
ાનસીડ ઓઇલ ૧૦ પાઉન્ડ, પાણી ૧૦૦ પાઉન્ડ.

સોનેરી રંગ.

ડેસટ્રીન ૪૦૦ ગ્રેઈન, બાઇક્રોમેટ ઓફ પોતાશ ૧ ગ્રેઈન
ઝ પાઉડર ૬ાા ગ્રેઈન, પાણી ખપ જોગું.

વાંશ માટે વારનીશ.

સફેદ શેલેક ૩ આઉંસ, મીથેલેટેક સ્પીરીટ ૧૦ આઉંસ.
સઘળાંને એકરસ કર્યા બાદ વાંશની બનાવેલી ચીજો ઉપર
ાડવું. આમ કરવાથી વાંશ ઉપર સફાઇદાર ઝલક આવશે.
વાંશને કુદરતી રંગ જતો રહેશે નહી.

પંખાઓ માટે વારનીશ.

મેસ્ટીક ૧૫ ભાગ, સેનડાર્ક ૪૦ ભાગ, આલકોહોલ ૨૫૦
ı, વેનીશ ટરપેનટાઇન ૨૦ ભાગ.

પહેલી બે ચીજોને આલકોહોલમાં પીગળાવ્યા બાદ છેલ્લે
ાનટાઈન ઉમેરી દેવું.

ફરનીચર માટે વારનીશ.

શેલેક ૨ પાઉન્ડ, બેનઝોઇન ૪ આંઉસ, સ્પીરીટ ૧ ગેલન.
એકરસ કરી ઉપયોગમાં લેવ.

લાકડીઓ માટે વારનીશ.

નારંગી રંગની લાખ ૫૬ પાઉન્ડ, મનીલા કોયલનો ભુકો ૨૫ પાઉન્ડ, રાળનો ભુકો ૨૫ પાઉન્ડ, ક્રીસોઇડાઇન ક્રીસલ ૪ આઉંસ, મેથેલેટેડ સ્પીરીટ ૨૫ ગેલન.

એકરસ કરી ઉપયોગમાં લેવ.

સોનેરી રંગ.

શેલેક ૧ આઉંસ, બ્રોન્ઝ પાઉડર ૦ાા આઉંસ, આલકો-હોલ ૦ા આઉંસ.

એકરસ કર્યા બાદ વાપરવામાં લેવ.

સોનેરી પાઉડર.

૧ પાઉન્ડ ટીનને તાવી તેમાં અડધો પાઉન્ડ પારો નાંખી મેળવો જ્યારે કઠણ થાય ત્યારે તેને સાત આઉંસ ગંધકના ફુલ અને અડધો પાઉન્ડ શેલ એમોનીક સાથે વાટી કહાડો.

રૂપેરી પાઉડર.

બીસમઠ ૧ આઉંસ, ટીન ૧ આઉંસ.

ઉપલી ચીજોને તાવી તેમાં ૧ આઉંસ પારો નાંખો. ત્યારે બાદ તેનો ભુકો કરો.

સોનેરી પાઉડર.

બીસલફ્રાઇડ ઓફ ટીનનો પણ. સોનેરી પાઉડર તરીકે ઉપયોગ થાય છે. કારણ તે સોનેરી રંગનો આવે છે.

રંગ વગરનો રોગાન.

બ્લીચ્ડ શેલેકને આલકોહોલમાં પીગળાવો ત્યાર બાદ એકાંત જગ્યાએ રહેવા દઈ રોગાન નીતારી લેવ થરો વાપરવો નહિ.

અમ્બર વારનીશ.

પીગળાવેલો અમ્બર ૪ આઉંસ, ગરમ બોઈલ્ડ ઓઇલ ૧ ક્વાટર.

સાઇકલ માટે તેલ

સ્પર્મ તેલ ૩ ભાગ, વેસીલીન ૧ ભાગ.

એકરસ કર્યા બાદ ઉપયોગમાં લેવ.

સીવવાના સંચા માટે તેલ.

(૧) બદામનું તેલ ૯ આઉંસ રેકટીફાઈડ બેનઝોલીન ૩ આઉંસ ફ્રેરેન ઓઇલ ઓપ્ લવન્ડર ૧ આઉંસ.

મેળવીને ગાળી કાઢયા બાદ વાપરો.

(૨) પેટ્રોલ ૩ આઉંસ, નટ ઓઈલ ૯ આઉંસ, બદામનું તેલ ૪૦ ટીપાં.

મેળવીને ગાળી કાઢયા બાદ વાપરો.

(૩) સ્પર્મઓઇલ ૨ ભાગ, પ્રેટ્રોલ ૧ ભાગ.
મેળવીને વાપરો.

પડદાઓ માટે પારદર્શક પાઉડર.

નીચલાં મિશ્રણને બ્રશ વડે પડદાઓપર લગાડવાથી પડદાઓ પારદર્શક થશે.

અરેબીક ગુંદર ૧ ભાગ, મેગનેસીયા ૪ ભાગ, પાણી ૮૦ ભાગ.

જો પડદાઓ ગડી કરવાના હોય તો ઊપલાં મિશ્રણમાં સ્હેજ ગ્લીસરાઇન ઉમેરો.

લોખંડ માટે રોગાન.

(૧) એસફેલટમ ૧૦ ભાગ, રાળ ૨ ભાગ, કાજલ ૧ ભાગ, પેત્રેલીયમ ૨૫ ભાગ.

(૨) અમ્બર ૧૨ ભાગ, ટરપેનટાઇન ૧૨ ભાગ, રાળ ૨ ભાગ, એસફેલટમ ૨ ભાગ, ડ્રાઈંગ ઓઇલ ૬ ભાગ.

(૩) એસફેલટમ ૩ પાઉન્ડ, લાખ ૦॥ પાઉન્ડ, ટરપેનટાઈન ૧ ગેલન.

ધાતુનાં પતરાં માટે રોગાન.

એસફેલટમ ૫ ભાગ, કોલોફોની ૩ ભાગ, ઓઇલ ઓફ ટરપીટાઇન વારનીશ ૧૦ ભાગ, ઓઈલ ઓફ ટરપીનટાઇન ૧૪ ભાગ.



ભાગ ૬ ઠો.

કાળાં પીળાં બુટો માટે પાલીશો–હીલ પાલીશ–વોટરપ્રુફ–પાલીશ–ચામડાંને કાળાં કરવાની રીત. ચામડાં માટે ગ્લોસ.

કાળાં બુટ માટે ઉમદા પાલીશ.

(૧) સાબુ ૨૦ ભાગ, સ્ટાર્ચ ૧૦ ભાગ, માયાફલ ૧૦ ભાગ શ્રીનવીટ્રોલ ૧૦ ભાગ, પાણી ૨૦૦૦ ભાગ.

(૨) શીરપ ૬૦ ભાગ, બોનબ્લેક ૩૦ ભાગ.

ભાગ ૧ ને સાથે ઉકાળો, કલાક બાદ ગાળી નાંખો. પછી ભાગ ૨ માં સાથે મેળવી એકરસ કરી નાંખો.

ઠંડુ પડયા પછી ઉપયોગમાં લેવ.

કાળાં બુટ માટે પાલીશ.

આઇવરી બ્લેક ૦। પાઉન્ડ, મીઠું તેલ ૧ મોહટો ચમચો,

ઉપલી ચીજોને એકરસ કર્યા બાદ તેમાં નીચલી ચીજો જુદી જુદી એકરસ કર્યા પછી ઉમેરો.

કોપેરાસ ૧ પૈસાભાર, ગોળ ૩ ચમચા, સરકો ૦। પાઉંડ.

બુટના તળીયાં મજબુટ બનાવવાની રીત.

પહેલાં તળીયાંને આતશ આગલ ગરમ કરવા પછી તે ઉપર કોપલ વારનીશ લગાડવું. સુકાયા બાદ પાછું ગરમ કરી વારનીશ લગાડવું. પાછું ગરમ કરી વારનીશ લગાડવું.

આ પ્રમાણે કર્યાથી બુટના તળીયાં મજબુત થશે.

સસ્તાં બુટનાં તળીયાં.

જુના મોટરના ટાયરોને બુટના તળીયાં (   ) તરીકે ઘણાં સારા ઉપયોગમાં લઈ શકાય છે. ટકવામાં પણ ઘણુંજ મજબુટ છે.

ચામડાં તતડી જતાં અટકાવવાની રીત.

ચરબી ૦ાા રતલ, અલસીનું તેલ ૧ પેંટ, મીણ ૦ાા રતલ રાળ એક ટુકડો.

ઉપલી ચીજોને ગરમી આપી પીગળાવો, થંડી થયા બાદ બ્રશ વડે લગાડો.

બુટના તળીયાં કાળાં કરવાનું પાલીશ.

એક ભાગ સ્ટીરીત ને ચુલાપર મુકી તાવો, ત્યાર બાદ ખુલ્લી હવામાં મૂકી રાખો પછી તેમાં ૪ થી ૫ ભાગ બેન-ઝાઇન નાખી સારી પેઠે એકરસ કરો.

બુટના તળીયાંને લગાડયા બાદ સુકાવા મુકો, પછી મલ-મલના ટુકડા વડે પાલીશ કરો.

પીળાં બુટ માટે પાલીશ.

પામ ઓઇલ સોપ ૦ાા આંઉસ, પીળું મીણ ૩ આંઉસ, પરલ એસ ૬૦ ગ્રેઇન, બીસમાર્ક બ્રાઉન ૧૨૦ ગ્રેઈન ટરપેન્ટાઇન ૧૦ આંઉસ, ખખળતું પાણી ૮ આઉંસ.

સાબુ તથા મીણને પીગળાવો, પછી બાકીની ચીજો એક-રસ કરો.

બીસમાર્ક બ્રાઉનને બદલે નીગ્રોસાઈન વાપરશો તો કાળું પાલીશ બનશે.

કાળુ બુટ પોલીશ.

(૧) મીણુ ૨૦ આંઉસ, કારણુનાવેસ ૧૦ આંઉસ, કોસ્તીક સોડા ૪ આંઉસ,

(૨) ટરપીનટાઇન ૬૦ આંઉસ, નીગ્રોસીન ૫ આંઉસ

(૩) પાણી ૧ ગેલન.

મીણુ અને કારણુના વેક્ષને તાપ દેખાડી પીગળાવો પછી તેમાં કોસ્તીક સોડા નાંખી એકરસ કરો, પછી નીગ્રોસાઈનને ટરપીનટાઇનમાં નાંખી એકરસ કરો. ત્યારબાદ (૨) નંબરની ચીજો પહેલા (૧) નંબરની ચીજોમાં નાંખી એકરસ કરો. ત્યાર પછી પાણીને ઉકાળો ને તે ઉપલી ચીજોમાં ધીરે ધીરે નાંખી એકરસ કરો. ત્યાર બાદ જાળ જેવું ઘાડું થાય કે એક વાસણમાં ઠારી દેવ.

પીળું બુટ પોલીશ.

ઉપલી રીતે બનાવો પણ નીગ્રોસાઇન નવા પરતાં બીસમાર્ક બ્રાઉન વાપરો.



ભાગ ૭ મો.

એસન્સો દરેક જાતના, આઇસક્રીમ કોન્સ, સરબતો કસ્ટર પાઉડર, એગપાઉડર વીગેરે વીગેરે બનાવવાની રીતો.

રોઝ શીરપ.

શીરો ૧ ગેલન, એસેન્સ ઓફ રોઝ ૧ આઉંસ.
એકરસ કરી ઉપયોગમાં લેવ.

એસેન્સ વેનીલા.

વેનીલા બીન ૧ આઉંસ લઈ તેના ટુકડા કરો. પછી તેને ૩ આઉંસ પ્યુમીસ સ્ટોન સાથે મેળવી લોઢાની ખાણુનીમાં વાટી નાંખો. પછી તેમાં નરમ આલકોહોલ Q. S. નાંખો. પછી ઉપલાંને ગરમ જગ્યાએ દીવસ ત્રણ સુધી રહેવા દેવ. પછી એક સાફ કપડાંનાં ટુકડા પર મુકી તે ઉપર આલકોહોલ ૧ પાઇન્ટ જેટલો એકસત્રેક નીકળે તેટલો નાંખો.

એસેન્સ સ્ટ્રોબેરી.

પાઇનેપલ ઓઇલ ૧॥ આઉંસ, ટીન્કચર ઓફ ઓરીસ ०॥ આઉંસ, ટારટેરીક એસીડ ०॥ આઉંસ, આલકોહોલ, (૮૦°) ૧॥ પાઇન્ટ.

એસેન્સ પાયનેપલ.

બ્યુટીરીક ઇથર ૨ આંઉસ, કોલોન્ગ સ્પીરીટ ૧૨ આંઉંસ, એકરસ કરી ગાળી નાંખો.

પેપરમીટનું એસેન્સ.

ઓઇલ ઓફ પેપરમીટ ૧ આંઉસ, રેકટીફાઇડ સ્પીરીટ ૧ પાઉન્ડ, એકરસ કરી ગાળી નાંખો.

પસ્તાનું એસેન્સ.

બદામનું એસેન્સ ૨ ૨ આંઉસ, ટીન્કચર ઓફ વેનીલા, ઓઇલ ઓફ નીરોલી ૧ ટીપું.

બનાનાનું એસેન્સ.

ડીઓડો રાઇઝડ આલકોહોલ ૫૦૦ ભાગ, પ્રુફ સ્પીરીટ, ૨૦૦ ભાગ, બનાનાનો રસ ૧૯૦ ભાગ, બનાના ઇથર ૧૦૦ ભાગ, ટીન્કચર ઓફ વેનીલા ૧૦ ભાગ.

ટીન્કચર ઓફ કરકયુમા વડે ઉપલું એસેન્સ રંગીન બનાવવું.

બેકીંગ પાઉડર.

પોટાસીયમ ૨ આંઉસ, સ્ટાર્ચ ૧૦ આંઉસ, સોડીયમ બાઇ કારબોનેટ ૧૦ આંઉસ, એકરસ કરી વાપરો.

આઇસક્રીમ કોન્સ.

ખાંડનું બુરૂં ૧૦ પાઉન્ડ, આટો ૨૦ પાઉન્ડ, ઇંડા ૫ ડઝન, વેનીલા મનપસંદ, પાણી માફકસર.

ઉપલાંને એકરસ કરી તેના ૧૦૦૦ નાના નાના સોપારા બનાવવા પછી તેઓને સેકી નાંખવા.

કસટર પાઉડર.

(૧) આરારૂત ૮ આંઉસ, આટો ૭ આંઉસ, કેશર ૧૦ ગ્રેઇન, કડવી બદામનું તેલ ૨૪ ટીપાં, નીચેગનું તેલ ૧૨ ટીપાં.
પાઉડર બનાવો. (વાટીને) પછી એકરસ કરો ને ઝીણી ચારણી વડે ચાળી નાંખો.

(૨) આટો ૭ પાઉન્ડ, આરારૂટ ૮ પાઉન્ડ, બદામનું તેલ ૨૦ ટીપાં, નીમેગનું તેલ ૧૦ ટીપાં.

કેશરનું ટીન્કચર મનપસંદ નાંખો. સઘળાને એકરસ કરો ને ચાળી નાંખો.

એગ (ઇંડા) પાઉડર.

સોડીયમ બાઈ કારબોનેટ ૮ આંઉસ, ટારટેરીક એસીડ ૩ આંઉંસ, ક્રીમ ટારટર ૫ આઉંસ, ટરમેરીકનો ભૂકો ૩ ડ્રામ, ચોખાનો આટો ૧૩ આંઉંસ, એકરસ કરી ચાળી નાંખો.
એક ઇંડા ભાર માટે બે ચમચા વાપરવો.

ગુલાબનું તેલ.

(૧) ઓલીવ ઓઇલ ૧ પાઉન્ડ, ઓટો રોઝીઝ ૫૦ ટીપાં, ઓઇલ રોઝમેરી ૨૫ ટીપાં.

(૨) ઓલીવ ઓઇલ ૧ પાઉન્ડ, આલકેનેટ ૧ આંઉસ, ઓટો રોઝીઝ ૪૦ ટીપાં, ઓઇલ રોઝમેરી ૩ ટીપાં.
એકરસ કરી ઉપયોગમાં લેવું.

ટીન્કચર ઓફ રોઝીઝ.

ગુલાબની પાંખડીઓને એક બાટલીમાં મુકી તે ઉપર સ્પીરીટ રેડો. ત્યારબાદ બાટલીને બુચ મારી બાજુએ મુકી રાખો. થોડા દીવસ બાદ ઉપયોગમાં લેવું.

ત્રણ કે ચાર ટીપાં ઓરડામાં છાંટવાથી ઓરડો મઘમઘ થઇ રહેશે.

શરબત બનાવવા માટે તૈયાર ભુકી.

સોડા બાઇ કારબોનેટ ૮ આંઉસ, એસીડ તારતેરીક ૬ આંઉસ, સુકી ખાંડ ૨ રતલ, એસીડ સાઇટ્રીક ૩ ડ્રામ, એકરસ કરી ભરી રાખો.

એ ચમચી સોડા ગલાસમાં નાંખો, અને ફીણ આવે કે પી જાવ. મુસાફરી માટે ઘણી ઉપયોગી ભૂકી છે.



ભાગ ૮ મો.

માખી. મચ્છર, માંકડ, ચાંચડ, વીગેરેઓને મારી નાંખવા માટે પાઉડરો=ફીનાઇલ જેવી મેળવણી બનાવવાની રીતો= ફલાઇ પેપરો બનાવવાની રીતો.

માખી નસાડવાનું મીશ્રણ.

યુકેલીપટલ ઓઇલ ૧૦ ભાગ, બરગેમોન્ટ ઓઇલ ૩ ભાગ, એસેટીક ઇથર ૧૦ ભાગ, કોલનવોટર ૫૦ ભાગ, આલકોહોલ ૯% ૧૦૦ ભાગ.

ઉપલી ચીજોને મેળવી નાખો પછી તેમાંથી એક ચમચે લઈ ૧૦૦ ભાગ પાણી સાથે મેળવીને વારંવાર ઓરડામ છાંટો જેથી કરીને માખીઓ નાસી જશે.

માખી નસાડવા માટે પાઉડર.

મરી પં ભાગ, કવેસીયાનો ભુકો ૫ ભાગ, ખાંડનો ભુકે ૧૦ ભાગ આલકોહોલ ૯% ૪ ભાગ.

સુકાયા બાદ તેનો ભુકો કરી બાટલીમાં ભરી રાખો.

જ્યાં ઘણી માખીઓ હોય ત્યાં ઉપલો ભુકો રકાબીમ નાખી મુકી રાખો કે જેથી માખીઓ નાશી જાય.

કીડીઓ નસાડવાની તથા મારી નાખવાની રીતો

(૧) નીચલી કોઈપણ ચીજો કીડીઓ આગલ નાખવાથ કીડી નાશી જશે.

ઇનસેકટ પાઉડર. ૧ કપુર, ૨ ગંધક, ૩ રાઇ (દળેલ ૪ તંબાકુ, ૫ સીડરનું તેલ.

(૨) ટંકણ ખાર અને ખાંડની મેળવણી કરી છાંટવાથ કીડીઓ મરી જશે.

(૩) કીડીના દરમાં તંબાકુ તથા કપુરનું પાણી રેડવાથ કીડીઓ મરી જશે.

માકડો મારવાની રીતો.

થોડાક પારાને પાણીમાં નાખી એક રસ કરો પછી તેમ ઈંડાની સફેદી નાખી પાછું એક રસ કરો જ્યાં માકડ હો ત્યાં લગાડો પક્ષીના પીંછાં વડે લગાડવી.

માખી પકડવાના કાગજ બનાવવાની રીત.

રાળ ૪ ભાગ, લીનસીડ ઓઇલ ૧ ભાગ, મધ ૧ ભાગ, રાળને લીનસીડમાં પીગલાવી તેમાં મધ રેડી દેવ પછી ગ્લેઝ કર્યા વગરના કાગજ પર આ મેળવણી લગાડવી.

જીવ જંતુના ડંખ માટે ઉપાય.

મેનથોલ ૧ ભાગ, આલકોહોલ ૧૦ ભાગ.

એકરસ કર્યા બાદ ચોપડો.

ઉધઇ માટે અસરકારક ઉપાય.

હોપનો આટો ૧ ડ્રામ, તપકીર ૨ આઉંસ, કપુરનો ગુંદર ૧ આઉંસ, કાળાં મરી ૧ આઉંસ, સુગંધી દેવદારનો વેહર ૪ ડ્રામ,

ઉપલાંને એકરસ કરો. પછી તેનાં પડીકાંઓ વાળો. પછી જ્યાં ઉધઇ થતી હોય ત્યાં મુકો. આથી ઉધાઇઓ નાશ પામશે.

માકડ મારનારી મેળવણી.

કપૂર ૨ આઉંસ, સ્પીરીટ ટરપેનટાઇન ૪ આઉંસ, રસ કપુર ૧ આઉંસ, દારૂનો અર્ક ૧ પેન્ટ.

એ સઘળાંને એક રસ કરી જ્યાં માકડ ઘણા થતાં હોય યાં લગાડો.

માકડ મારવાની રીત.

(૧) જ્યાં માકડ થતા હોય ત્યાં સ્પીરીટ ઓફ ટરપેનટાઇન અને કેરોસીન ચોપડવું.

(૨) કપુર ૨ આઉંસ, સ્પીરીટ ટરપેનટાઈન ૪ આઉંસ, કેરોસીન સબલીમેન્ટ ૧ આઉંસ, આલકોહોલ ૧ પાઈન્ટ.

એકરસ કરી વાપરો.

માખી પકડવાના કાગળો.

કોબેલ્ટ કલોરાઇડ ૪ દ્રામ, ગરમ પાણી ૧૬ આઉંસ, ખાંડ ૧ આઉંસ.

ઉપલાંને એકરસ કર્યા બાદ તેમાં કાગળો બોળી કહાડો. પછી સુકાવા ટાંગી મૂકો.

ફીનાઇલ જેવી મેળવણી બનાવવાની રીત.

રોઝીન ૧૮ પાઉન્ડ, કમરસીયલ કોસ્ટીક સોડા ૪ પાઉંડ, ક્રુડ કારબોલીક એસીડ ૭ ગેલન, પાણી ૨॥ ગેલન.

સોડા અને પાણીને ઉકાલીને મેળવો, ત્યાર બાદ રોઝીન નાંખી પીગળે ત્યાં સુધી ઉકાળો, આ ઠેકાણે મિશ્રણમાં વધારે ફીણ આવશે. તેની સંભાળ લેવી. જ્યારે ૩ ગેલન જેટલું મિશ્રણ રહે ત્યારે ૪ ગેલન એસીડ રેડી દેવ અને ખુબ તરેહથી એકરસ કરો ને તાપ ઓછો કરો. હવે બાકીની એસીડ રેડી દેવી.

જેવી રીત ફીનાઇલમાં પાણી રેડી ઉપયોગમાં લેવ. છે. તેવીજ રીતે આ મેળવણીનો પણ ઉપયોગ કરવો.



ભાગ ૯ મો.

રેશમી. સુતરાઉ, ગરમ કપડાંઓ પરથી ડાઘા કાઢવાની રીતો=ધાતુઓને જુદી જુદી જાતના પડ આપવાની રીતો= દરેક જાતની ધાતુઓ સાફ કરવા પાલીશો બનાવવાની રીતો હીરા પારખવાની રીતો=હાથીદાંતને સુનેરી રૂપેરી તથા સાફ કરવાની રીતો=મોતીની શીપો બનાવવાની તથા સાફ કરવાની રીતો=બનાવટી આરસપ્હાન વીગેરે વીગેરે.

મોતીની શીપના જેવી બનાવટી ચીજો બનાવવાની રીતો.

જે ચીજ બનાવવી હોય તે ચીજ જનાવરના શીંગડામાંથી બનાવો. પછી તેને સુગર ઓફ લેડમાં મુકી ઉકાલો. પછી નરમ હાઇડ્રોકલોરીક એસીડમાં બોળી રાખો. આથી મોતીના શીપ જેવી ચીજો બનશે.

શીપના જેવાં બનાવટી બટનો.

સફેદ શીંગડના બટનો બનાવી તેને સેચ્યુરેટેટ સોલ્યુશન ઓફ સુગર ઓફ લેડમાં ઉકાલો પછી નર હાઇડ્રોકલોરીક એશીડમાં બોળી રાખો આથી સીપ જેવાં બટનો બનશે.

શીપના જેવા નિખીઆઓ બનાવવાની રીત,

શીંગડાના નીખીઆઓને નાઇટ્રેટ ઓફ લેડના જલદ પાણીમાં બોળી રાખો (એક રાત) પછી સવારના તે નીખીઆ

એને પા કલાક નીચલી મેળવણીમાં બોળી રાખો પછી પા
થી ધોઇ સાફ કરો.

નાઈટ્રીક એસીડ ૨ ભાગ, પાણી ૧૦૦ ભાગ.

મોતીની શીપને સાફ કરવાની રીત.

પલવરાઇઝડ રોટન સ્ટોનમાં થોડુંક ઓલીવ ઓઇલ રે
ત્યારબાદ તેમાં મલમ જેવું થાય ત્યાં સુધી સલફ્યુરીક એસ
રેડી એક રસ કરો.

વાપરવાની રીત.

આ મેળવણી શીપ ઉપર લગાડો. પછી એક પોહો
બુચ લઇ તેને મખમલમાં વીટાલો પછી આ પેડ વડે ઉપ
મેળવણી શીપ ઉપર ઘસો. જ્યારે પાલીશ થઇ રહે ત્ય
પાણી વડે ધોઇ નાંખો.

સોંગડાંને સાફ કરવાની રીત.

વાટેલા પ્યુમીસ સ્પેનને પાણી સાથે ભેળી પાલીશ
વાના પેડાં વડે સાફ કરો પછી તેજ રીતે રોટન સ્ટોન
બુકા વડે સાફ કરો.

હાથીદાંતને નરમ કરવાની રીત.

નીચલી મેળવણીમાં હાથીદાંતને ૩થી ૪ દીવસ બો
રાખવાથી હાથીદાંત નરમ થાય છે.

સ્પીરીટ ઓફ નાઈટર ૩ આઉંસ, પાણી ૧૫ આઉંસ.
એકરસ કરી નાંખો.

એલ્યુમીન પર નામ કોતરવાની રીત.

આલકોહોલ ૪ આંઉસ, એસેટીક એસીડ ૬ આંઉસ, બટર ઓફ એન્ટીમની ૪ આંઉસ, પાણી ૪૦ આંઉસ.

એકરસ કરી વાપરો. (નીચેની રીત મુજબ)

પીત્તલ પર નામ કોતરવાની રીત.

જે અક્ષરો કોતરવાના હોય તે ઉપરજ સેસફેલ્ટનું વારનીશ લગાડો. પછી આસપાસ મીણ વડે કોર બાંધો. કે જેથી એસીડ નીકળી ન જાય. પછી નીચલી મેળવણી રૈ ભાગ ઉંડી રેડો.

નાઈટ્રીક એસીડ ૧ ભાગ, પાણી ૫ ભાગ.

જ્યારે અક્ષરો કોતરાયલા માલમ પડે ત્યારે ધોઈ કહાડો. ને ટરપીનટાઈન વડે વાલીશ કરો.

તાંબા પર નામ કોતરવાની રીત.

નાઈટ્રીક અથવા સલફ્યુરીક એસીડ ૧ ભાગ, પોતાશીયમ બાઇ ક્રોમેટ ૨ ભાગ, પાણી ૫ ભાગ.

ઉપલી રીત પ્રમાણે વાપરો.

પીત્તળ પર નામ કોતરવા માટે મેળવણી.

આલકોહોલ ૪ ભાગ, ક્રોમીક એસીડ ૪ ભાગ, પાણી ૪૦ ભાગ.

ઉપર દર્શાવેલી રીત પ્રમાણે બનાવો. વધારે વખત મેળવણી રહેવા દેવી નહિ. નહિ તો અક્ષરો આસપાસ કોતરઈ જશે.

આરસપહાન સાફ કરવાની રીત.

સોડા પાઉડર ૩ આંઉસ, ચાક ૦॥ આંઉસ, પ્યુમીસ સ્ટોન ૦॥ આંઉસ. ખખલતાં પાણીમાં મેળવી નાંખો. પછી આરબલ પર સારી પેઠે ઘસો. થોડીક મીનીટ બાદ ચુકકા પાણીથી ધોઈ નાંખો. છેલ્લે શેમોઈશ લેધર વડે લુછી નાંખો.

લાકડું કાળું કરવાની રીત.

સલફ્યુરીક એસીડને પાણીમાં નાંખી એકરસ કરો. પછી બ્રશ વડે લાંકડાં ઉપર લગાડો. પછી લાકડાંને ચુલા આગળ ધરો. આથી લાકડાં કાળાં થઈ જશે.

લાકડું બ્લુ કરવાની રીત.

ઈન્ડીગો ૧ પાઉન્ડ, વોડ ૨ પાઉન્ડ, ફટકી ૨ આઉંસ, પાણી ૧ ગેલન.

ઉકાળ્યા બાદ લાકડાં ઉપર મનપસંદ રંગ આવે ત્યાં સુધી બ્રશ વડે લગાડો.

વાદળીઓ સાફ કરવાની રીત.

વાદળીને ઠંડા બટરમીલ્કમાં થોડાક કલાક બોળી રાખો ત્યાર પછી તેને ચોખ્ખાં પાણી વડે ધોઈ નાંખો. આથી વાદળીઓ નવા જેવી થઇ જશે.

અસતરા ઘસવા માટે મલમ.

એમરી ૮ આઉંસ, પ્લમબેગો ૮ આઉંસ, લાર્ડ ૬ આઉંસ, પેરાફીન વેક્ષ ૨ આઉંસ.

લાર્ડ અને વેપ્રાને પીગલાવો પછી તેમાં એમેરી અને ગ્રોઆ નાખી એક રસ કરો ત્યારપછી તેને ઓટી દેવ. ઠંડુ પાડયા બાદ મનપસંદ ટુકડાઓ કરો.

છરી પરના ડાઘ કાઢવાની રીત.

છરીના પાના ઉપર પડેલા ડાઘા કાઢવાની સૌથી સરસ રીત એ છે કે તેજ છરી વડે પપેતાની બે ચીર કરી એક ઈંટરડીના ભુકામાં બોળી તે ચીર છરીના પાણા ઉપર ઘસવી આ રીતથી છરીપરના ગમે એવા ડાઘા નીકળી જશે.

ગમે તે ધાતુને રૂપા જેવી કરવાની રીત.

(૧) સીલવર નાઇટ્રેટ ૧ ભાગ, પોતાસીયમ સાયેનાઇડ ૩ ભાગ, ગરમ કપડાં વડે આ મેળવણી જે ચીજ રૂપાં જેવી કરવાની હોય તે ઉપર ઘસો ઘસ્યાબાદ પાણીથી સાફ કરો ને લેધર વડે પાલીશ કરો,

નોંધઃ—ઉપલી મેળવણી હાથ ઉપર લાગે નહિ તેની સંભાળ લેવી.

(૨) સીલવર ક્લોરાઈડ ૩ ભાગ, ટારટર ૮ ભાગ, મીઠું ૧ ભાગ.

ઉપલી મેળવણી નાની ચીજો માટે છે.

પીત્તળ અને તાંબાની ચીજો ઉપર ટીનનું પડ આપવાની રીત.

પીત્તળ તથા તાંબાની ચીજોને નીચલાં સોલ્યુશનમાં બોળી

રાખો જ્યાં સુધી સફેદાઈ આવે નહિ ત્યાં સુધી બહાર કાઢવી નહિ.

એમોન્યા ફટકી ૧૭ા આઉંસ, ખખલતું પાણી ૧૨ા આઉંસ, પ્રોતો કલોરાઈતીન ૧ આઉંસ.

(૨) જે ચીજો ટીન કરવાની હોય તે ચીજોની સાથે ઝીન્કનો ટુકડો બાંધો પછી નીચલા મિશ્રણમાં બોળી રાખો.

બાઇટાર ત્રેટ ઓફ પોતાસીયમ ૧૪ આઉંસ, પાણી ૨૪ આઉંસ પ્રોતો કલોરાઈડ ઓપ્ ટીન ૧ આઉંસ.

ઉકાળ્યા બાદ વાપરો.

સફેદ કાર્ડ બોર્ડને ચાંમડા જેવા બનાવવાની રીત.

સફેદ કાર્ડ બોર્ડને પહેલાં કોપેરાસના પાણીમાં બોળો. પછી એમોન્યાના સોલ્યુશનમાં બોળી કહાડો.

રૂપું સાફ કરવા માટે પાઉડર.

વાઇટલેડ ૫ ભાગ, લેવીગેટેડ ચાક ૨૦ ભાગ, મેગનેસીયમ કારબોનેટ ૨ ભાગ, એલ્યુમીનમ ઓકસાઈડ ૫ ભાગ, સીલકા ૩ ભાગ, જવેલર રફ ૨ ભાગ.

એકરસ કરી ઝીણી ચારણીમાં ચાળી નાંખો પછી ઉપયોગમાં લેવ.

ગળતી ઇન્ડીપેન રપુ કરવાની રીત.

જ્યાંથી ઇન્ડીપેન ગળતી હોય ત્યાં મીણ લગાડો પછી સહેજ ટાપ આગળ ધરો આથી કાનું બંધ થઇ જશે.

રૂપા જણસો સાફ કરવાની રીત.

પ્રીપેદ ચાક ૪ આંઉસ, તરપીનટાઇન ૧ આંઉસ, સ્પીરીટ ઓફ વાઇન ૪ દ્રામ, સ્પીરીટ ઓફ કેમફેર ૨ દ્રામ, સોલ્યુશન ઓફ એમોન્યા ૧ દ્રામ. એકરસ કરી નરમ વાદળીથી લગાડો. સુકાયા બાદ શેમોઇશ લેધર વડે સાફ કરી નાંખો.

છબીની ગીલ્ટ ફ્રેમ્સ સાફ કરવાની રીત.

એક નાનાં કપડાના ટુકડાને ટરપીનટાઇન અથવા સ્પીરીટ ઓફ વાઇનમાં સહેજ બોળીને ફ્રેમ ઉપર ફેરવો. ફેરવ્યા બાદ ફ્રેમને હાથ લગાડયા વગર સુકાવા મુકી રાખો.

ટીનને સાફ કરવાની રીત.

(૧) સહેજ ચાકના ભૂકાને પાણી સાથે એકરસ કરો પછી શેમો ઇશ લેધર વડે સાફ કરો.

(૨) સહેજ ટારટારને પાણીમાં નાંખી તે પાણીથી જો ટીનને ધોશો તો ટીન ઉપરના ડાઘાઓ નીકળી જશે.

ઘડીઆળ માટે ઉમદા તેલ.

ઓલીવ ઓઇલની એક આઊંસ બાટલીમાં નાનો સીસાના પતરાંનો ટુકડો નાંખી તે બાટલીને થોડા દીવસ તડકામાં મૂકી રાખો. ને જ્યારે તેલનો રંગ સફેદ જેવો માલમ પડે ત્યારે તે તેલને વપરાસમાં લેવ.

રેશમી, ગરમ, અને સુતરાઉ કપડાં ઉપરથી ચીકણાં ડાઘા કાઢવાની રીત.

સ્પીરીટ ઓપ્ફ વાઇન ૨ ભાગ, ફ્રેન્ચ ચાક ૧ ભાગ, ટોબેકો પાઈપ કલે ૫ ભાગ.

વાટીને એકરસ કરો. પછી ચીકણા ભાગ ઉપર ઘસો. અને બ્રશ વડે સાફ કરી નાંખો.

નેતરની ખુરશી વગેરે સાફ કરવાની રીત.

ઓકઝેલીક એસીડને પાણી સાથે કાલવીને ડાઘા ઉપર લગાડવાથી ડાઘાઓ નીકળી જશે.

કચકરાના કોલરો, કફસો સાફ કરવાની રીત.

(૧) સેલરેટસથી કચકરૂં સફાઈબંધ સાફ કરી શકાશે.

(૨) ટ્રીપોલી વડે સાફ કરવાથી પણ અસલ સફેદાઈ આપી શકશે.

કાચ સાફ કરવાની રીત.

કેલસીન્ડરેસ ૧ ભાગ, મીઠું ૦ાા ભાગ.

એકરસ કરી વાપરો.

શાહીના ડાઘ કહાડવાની રીત.

નાઈટ્રીક એસીડ ૫ ભાગ, ફટકી ૫ ભાગ, એકરસ કરી શાહીના ડાઘા ઉપર ઘસો.

કાચ સાફ કરવાની રીત.

નીચલી કોઈપણ એક મેળવણી વડે કાચો સાફ કરવા.

અ એમોન્યાનુ સોલ્યુશન, બ નાઇટ્રીક એસીડ.

બુકબાઇન્ડર માટે ગ્લોસ.

મીથીલ આલકોહોલ ૩ પાઈન્ટ, સેલેક ૧1 પાઈન્ટ, ટરપીન ટાઈન ૨ આંઉસ. એકરસ કર્યા બાદ લગાડો.

પીત્તળ સાફ કરવાની રીતો.

(૧) ઓકઝેલીક એસીડ ૫૦૦ ભાગ, ટ્રીપોલી ૧૫૦ ભાગ પાઉડર કરી વાપરો.

(૨) સેલ એમોનીક ૧૦ ભાગ, પાણી ૭૫ ભાગ, ચાકનો ભૂકો ૫ ભાગ. એકરસ કરી વાપરો.

(૩) ગંધકના ફુલ ૧૦ ભાગ, ચાકનો ભૂકો ૧૦ ભાગ, સરકો ૧૦ ભાગ, એકરસ કરી વાપરો.

પીળી થઇ ગયલી ફ્લાનેલ સાફ કરવાની રીત.

અડધા રતલ સાબુને ૭ા બાટલી પાણીમાં પીગળાવો. પછી તેમાં ૫ા આંઉસ લાઇકર એમોન્યા નાંખો.

કપડાંને આ પાણીમાં બોળી રાખો. પછી ચોખ્ખાં પાણીમાં નીતારી નાંખો. નીચવવાં નહિ. આ રીતથી ફ્લાનેલ સફેદ ફુલ જેવી થઇ જશે.

કપડાં ઉપરથી ડાઘા કાઢવાની રીત.

એસીડના—હાઇડ્રો કલોરીક યા સલફ્યુરીક એસીડના ડાઘા એમોન્યાથી નીકળી જશે.

આંલકેલીના—નરમ એસેટીક એસીડ સાબુ, લી. તથા સોડાના ડાઘા ઉપર જો તુરત લગાડશો તો ડાઘા નીકળી જશે.

એલ્યુમીનમ સાફ કરવાની રીત.

તનકનખાર ૩૦ ગ્રેઈન, પાણી ૧ ગેલન, એકવે એમોન્યા ૧ ગેલન, એકવે એમોન્યા થોડાંક ટીપાં, એકરસ કરી વાપરો.

સીલવર પ્લેટેડ ચીજો સાફ કરવાની રીત.

થોડાક ક્રોકસને સુકવી પાઉડર બનાવો, પછી શેમોઈશ લેધર વડે લગાડો. આ પાઉડરથી સીલવર પ્લેટેડ ચીજો ચળકતી બનશે.

જરમન, સીલવર, પીત્તળ, તાંબુ વિગેરે સાફ કરવાની રીત.

(૧) વીએના લાઈમને તેલ સાથે મેળવી વાપરો.

(૨) નરમ સાબુ ૨ આઉંસ, રોટન સ્ટોન ૪ આઉંસ. એકરસ કરી ઉપયોગમાં લેવ.

(૩) રોટન સ્ટોનને મીઠાં તેલ સાથે મેળવીને વાપરો.

(૪) રોટન સ્ટોન ૭ આઉંસ, ઓકઝેલીક એસીડ ૧ આઉંસ. થોડાક પાણી સાથે એકરસ કરી વાપરો.

સીસાંને સાફ કરવા માટે પાઉડર.

જવેલરને રફને શેમોઈશ લેધરપર નાંખી સાફ કરવાથી સીસું ચળકતું થશે.

શાહીના ડાઘા કાઢવાની રીત.

કપડાં અથવા કાગળપર પડેલા સાહીના ડાઘા નીચલા પાઉડર વડે નીકળી જશે.

સાઈટ્રીક એસીડ ૫ ભાગ, ફટકી ૫ ભાગ.

કપડાં માટે પાઉડર પાણી સાથે મેળવીને ઘસવો. કાગળ ઉપર ફકત પાઉડર પાણી ફગર ઘસવો લગભગ દરેક જાતની શાહીના ડાઘા આ પાઉડરથી નીકળી જશે.

ચોપડી ઉપરથી ડાઘા કાઢવાની રીતો.

(૧) અંગુઠાના છાપના ડાઘ—સાબુ લગાડવાથી નીકળી જશે.

(૨) લોહીના ડાઘા—સાબુ લગાડવાથી નીકળી જશે.

(૩) ચરબીના—એક બ્લાટીંગ પેપરના નાના ટુકડાને ડાઘા ઉપર મૂકો પછી તે ઉપર ગરમ લોઢાનો તવાથો ફેરવો. આથી ચરબીનો ડાઘ નીકળી જશે.

(૪) મારકીંગ ઈન્કનો ડાઘ—ટીન્કચર ઓફ આયોડાઇન વડે નામ પાડવાની શાહીના ડાઘ નીકળી જશે.

(૫) સાહીના ડાઘ—ઓકઝેલીક એસીડ અને કલોરીક ઓફ લાઇમ વડે શાહીના ડાઘ નીકળી જશે.

લોખંડની ચીજોને રૂપેરી પટ આપવાની રીત.

મીથેલેટેડ સ્પીરીટ ૧૫ આઉંસ, બટર ઓફ એન્ટીમની ૭॥ આઉંસ, આરસેનીઅસ એસીડ ૨ ડ્રામ, બલ્ડ સ્ટોન ૧ આઉંસ.

ઉપલી ચીજોને સ્હેજ ગરમી આપી એક રસ કરો. ત્યાર બાદ લોખંડની ચીજો ઉપર લગાડો. આ મેળવણીથી લોખંડની ચીજો રૂપેરી જેવી લાગશે.

શેમોઇશ લેધર સાફ કરવાની રીત.

વોશીંગ સોડાના નરમ પાણીમાં શેમોઇશ લેધરને થોડાક વખત ભીંજવી રાખો પછી તેને સોપ સડસમાં બે કલાક ભીંજવી રાખો. પછી ચોખ્ખાં પાણીમાં ધોઈ નાંખો પછી પાછું સોડા અને સાબુના પાણીમાં ધોઇ નાંખી સુકાવા મુકો.

આઇનાવેરને સાફ કરવાની રીત.

પર્લએસને પાણીમાં મેળવી આઈનાવેર તે વડે સાફ કરવાથી સર્વે ડાઘડુઘ નીકળી જશે.

નેતરની ચીજો સાફ કરવાની રીત.

સાબુ વડે ધોઈ નાંખો.

તાંબુ, પીત્તળ અને જરમન સીલવર સાફ કરવાની રીત.

ચીએના લાઇમને તેલ સાથે મેળવીને લગાડો.

છાપવાના બીબાંની મેળવણી.

	(૧)	(૨)	(૩)	(૪)
સીસું	૩	૭૦	૧૦	૧૦૦
એન્ટીમની	૧	૧૮	૨	૩૦
તાંબુ	×	૨	×	૮

બીસમથ	×	×	૧	૨
ટીન	×	૧૦	×	૨૦

ઉપલી ચાર મેળવણીમાંથી ગમે તે એક લેવી. બીબાં માટે ના ખાશ મોલ્ટમાં ભરી દેવી.

કોડીકામ માટે ચલકો.

ચલકતી—સીંદુર ૭ ભાગ, તંકનખાર ૪ ભાગ, ચમક ૨ા ભાગ.

વેનીશીયન ચલક.

ચકમક ૩ા ભાગ, તંકણખાર ૩ ભાગ, કોરનીશ સ્ટોન ૧ ભાગ, ઓકસાઇડ ઓવટીન ૦ા ભાગ.

સફેદ ચલક.

ફલીન્ટ ગ્લાસ ૮ ભાગ, સીંદુર ૨ ભાગ, સુરોખાર ૦ા ભાગ, સોણુલ ૦ા ભાગ.

દરેકને એકરસ કર્યા બાદ ઉપયોગમાં લેવું.

રેઝર સ્ટોપ પેસ્ટ.

લેવીગેટેડ ઓક્સાઇડ ઓવટીન ૧ આંઉસ, ઓકઝેલીક એસીડ ૦ા આંઉસ, ગુંદર ૨૦ ગ્રેઈન.

પાણીમાં એકરસ કરી મલમ જેવું ઘાડું કરો. પછી સ્ટોપ પર સરખો લગાડી અસતરા ઉપર ઘસો, આથી અસતરા ઘણાજ તીણા બનશે. પાછી મેળવણી પણ સસ્તી પડશે.

કપડાંને ગ્લેઝ કરવા માટે પાઉડર.

જેપાન મીણ ૨૦૦ ભાગ, પેરેફીન ૨૦૦ ભાગ, સ્ટીરીક એસીદ ૧૦૦ ભાગ.

ઉપલી ચીજોને સાથે પીગળાવી ભરી દેવ.

જ્યારે કપડાંને ગ્લેઝ કરવાં હોય ત્યારે ઉપલા ગ્લેઝના એકાક ટુકડાને અસતરીના ગરમ ગરમ લોઢાં સાથે કપડાં ઉપર ઘસો. આ પ્રમાણે કર્યાથી કપડાં ઉપર સુંદર ગ્લેઝ ચઢી જશે.

કોલરો, કફસો વીગેરે માટે આ ગ્લેઝ ઘણો ઉમદા છે.

તાંબા પર રૂપેરી પડ ચઢાવવાની રીત.

નાઈટ્રેટ ઓફ સીલવરને જો સહેજ પાણી સાથે મેળવી તાંબા ઉપર લગાડશો તો તે ઉપર ચળકતું રૂપેરી પડ બાઝી તાંબુ રૂપેરી નવું દેખાશે.

કાચની બાટલીઓ સાફ કરવાની રીત.

કાચની બાટલીઓને નીચલી ચીજોથી ધોવી.

પર્લએસ અથવા જલદ શોલ્યુશન, પરમેંગનેટ ઓફ પોતાશનું જલદ સોલ્યુશન, કાચની બીજી ચીજો પણ ઉપલી મેળવણીથી સાફ થઈ શકશે.

કચકડું સાફ કરવાની રીત.

ઘણુજ ઝાંખા પડેલા નીખીયાઓ તથા બીજી કચકડાંની ચીજો લીનસીડ તેલથી સફાઈદાર બનશે.

વાપરવાની રીત—પહેલાં તેલને સાફ કરવાની ચીજ ઉપર રથી ઘસડો. પછી હાથ વડે તે ચીજને જ્યાં સુધી તેલ લમ પડે નહિ ત્યાં સુધી ઘસડો.

મોતી સાફ કરવાની રીત.

થોડાક સહેજ ગરમ પાણીમાં કેશટાઇલ સોપ (સાબુ) ગળાવો પછી જે ફીણ થાય તેના વડે મોતીઓ ધોવાં. ાવા માટે તેઓને જવેલર સો ડસ્ટમાં નાંખી સુકવો. તદન ાયા બાદ બહાર કહાડવાં.

જુના સીકકાઓ સાફ કરવાની રીત.

બાઇક્રોમેટ ઓફ પોતાશ ૧ આઉંસ, સલફ્યુરીક એસીડ આઉંસ, નાઇટ્રીક એસીડ ૨ આઉંસ.

આ સઘળાંને મેળવી આ મેળવણીથી સીક્કાઓને ખુબ સો. ત્યાર બાદ પાણીથી ધોઇ નાંખી કપડાં વડે લુછી નાંખો. આ રીતથી ગમે એવા જુના કટાઇ ગયલા લીલા સીક્કાઓ ફ થઇ શકશે.

કાટના ડાઘ કાઢવાની રીત.

નીચલી મેળવણી ડાઘ ઉપર ઘસો ત્યાર પછી પાણીથી ઇ નાંખો.

ક્રીમ ઓફ ટારટર ૨ ભાગ, ઓકઝેલીક એસીડ ૧ ભાગ.

બનાવટી આરસપહાણ.

ફટકી ૧૦૦૦ ભાગ, પાણી ૧૦૦ ભાગ.

ઉપલી ચીજો ગરમી આપી પીગળાવો. જ્યારે કકડા પડવા માંડે ત્યારે ૧૦થી ૧૦૦ ભાગ સુધી તેની અંદર હેવીસ્પાર ઉમેરો પછી પાછું ઉકાળો. જ્યારે ત્રણ ટકા જેટલો ભાગ રહે ત્યારે મનપસંદ મોલ્ડમાં ઓટી દેવ.

રૂપાની જણુસો કાળી થતી અટકાવનારૂં કાગળ યા કપડું.

કોસ્ટીક સોડા ૬ દ્રામ, ઓકસાઇડ ઓફ ઝીન્ક ૪ દ્રામ, પાણી અરધી પેંત.

સઘળાંને એકરસ કર્યા બાદ તેમાં કાગળ યા કપડાં બોળી સુકવી કાઢો. આવાં કાગળ યા કપડામાં જણુસો લપેટવાથી તે કાળી થતી અટકશે.

જાદુઈ પોલીશ પાઉડર.

અડધાં કપ સાબુને ગરમ પાણીના બાથમાં પીગળાવો, પછી તેમાં ૩ ચમચા ચાક નાંખીને ખુબ તરેહથી એકરસ કરો. ત્યાર પછી તેમાં થોડીક એમોન્યાના ટીપાં રેડો. પછી તેમાં કપડાંના ટુકડાઓ બોળીને સહેજ નીચવી કહાડી સુકાવા મુકો. સુકાયા બાદ દરેક જાતની ધાતુઓ સાફ કરવાના ઉપયોગમાં લેવ. આ કપડાંથી ઘણી સુંદર ઝલક નીકળશે.

રૂપેરી રીબન બનાવવાની રીત.

નાઇટ્રેટ ઓફ સીલવરનું સોલ્યુશન બનાવી તેમાં થોડાક ગુંદરનું પાણી રેડી મધ જેવું ઘટ બનાવો. પછી બ્રશ વડે

જે ચીત્ર દોરવું હોય તે ચીત્ર ઉપલી શાહી વડે દોરો. સુકાયા બાદ તે રીબનને નીચલી મેળવણીથી ભરેલાં એક વાસણુ ઉપર ઘસો.

મેળવણી—થોડાક પાણીમાં ઝીન્ક યાને સલફ્યુરીક એસીડ નાંખી વાસણુમાં ભરી મુકો. આ પ્રમાણે કર્યાથી રીબન ઉપર સુંદર ચીત્રો પાડી શકાશે.

હાથીદાંત પર સુનેરી રંગ ચઢાવવાની રીત.

જે હાથીદાંતને રંગ ચઢાવવાનો હોય તેને પહેલાં સલફેટ ઓફ આર્યનના સોલ્યુશનમાં બોળી રાખો, ત્યાર બાદ તેમાંથી કહાડી તે હાથીદાંતને પાછો નાઇટ્રેટ મ્યુરીએટ ઓફ ગોલ્ડના સોલ્યુશનમાં મુકો થોડા વખત પછી કહાડી લેવ. આ પ્રમાણે કરવાથી હાથીદાંત પર સુનેરી રંગ ચઢી જશે.

હાથીદાંતના બનાવટી છત્રી તથા લાકડીઓ માટે હાથા.

બારીક ઇંડાના કોતલાંને છુંદી તેમાં બ્રાન્ડી અને જીલેટીનનું સોલ્યુશન એકરસ કરો પછી તેમાં મનપસંદ રંગ નાંખી ભરી દેવ. કઠણુ થયા બાદ પાલીશ કરો.

અસતરા ઘસવા માટે કાગજ.

ગ્લેઝ કર્યા વગરના કાગજોને નીચલાં મિશ્રણુમાં બોળી કહાડી સુકાયા બાદ ઉપયોગમાં લેવ.

કેલસીન્ડ પર ઓકસાઈડ આર્યન સરખે ભાગે, ઇમેરી સરખે ભાગે. એકરસ કરી નાંખો.

જુની કાનશને નવી જેવી કરવાની રીત.

પહેલાં કાનસને સોડાના જલદ પાણીમાં ઉકાળો પછી થોડીક મીનીટ નીચલાં સોલ્યુશનમાં રહેવા દેવ.

નાઈટ્રીક એસીડ ૧ ભાગ, પાણી ૪ ભાગ.

બ્રશને નવાં જેવું કરવાની રીત.

એક પાણીથી ભરેલી બાટલીમાં ચાર ચમચા ભાર લાઈકર ઓફ એમોન્યા નાંખો. હવે આ પાણીમાં બ્રશના બાલવાળોજ ભાગ બોળો. (૫ મીનીટ) પછી ચોખ્ખાં પાણીમાં ઝબકોરી નાંખી છાંયામાં સુકવી નાંખો. આ પ્રમાણે કર્યાથી બ્રશ નવા જેવું થઈ જશે.

હાથીદાંતની જણસો સાફ કરવાની રીત.

એક કોડીના વાસણમાં જસતનું પતરૂં મૂકો પછી હાથીદાંત મુકી તે ઉપર સ્પીરીટ ટરપેનટાઇન રેડો (ડુબે ત્યાં સુધી) હવે આને ત્રણ ચાર દીવસ સુરજની રોશનીમાં મૂકી રાખો આથી જણસ નવા જેવી થઇ જશે.

હાથીદાંત પર રૂપેરી રંગ ચઢાવવાની રીત.

હાથીદાંતને નાઈટ્રેટ ઓફ સીલવરના નરમ સોલ્યુશનમાં બોળી રાખો. જ્યારે હાથીદાંતનો રંગ પીળો જેવો થાય ત્યારે તેને બહાર કાઢી એક પાણીના વાસણમાં મુકી તડકે ત્રણથી

આડાત્રણ કલાક મુકી રાખો આથી હાથીદાંત કાળો થશે પણ જ્યારે તેને કપડાં વડે સાફ કરવામાં આવશે ત્યારે સુંદર રૂપેરી રંગનો બનશે.

પીત્તળ પોલીશ.

ચરબી ૩૬ પાઉન્ડ, સફેદ મીનરલજેલી ૪૨ પાઉન્ડ, પેરેફીન વેક્ષ ૨૦ પાઉન્ડ, ચાક ૩૦ પાઉન્ડ, લેવીગેટેડ ફ્લીન્ટ ૪ પાઉન્ડ, પ્યુમીસ ૩ પાઉન્ડ. ઓકઝેલેક એસીડ ૨ા પાઉન્ડ.

ચરબી અને જેલીને પીગળાવો, પછી તેમાં વાટેલો પ્યુમીસ અને એસીડ નાંખી એકરસ કરો, છેલ્લે ફ્લીન્ટ અને વાટેલો ચાક ઉમેરો. સૌથી છેલ્લે સારી પેઠે એકરસ કરો.

કાળા બુટનું પાલીશ.

(ક) સાબુ ૨૦ ભાગ, સ્ટાર્ચ ૧૦ ભાગ, માયાફૂળ ૧૦ ભાગ, ગીનવીટ્રીલ ૧૦ ભાગ, પાણી ૨૦૦૦ ભાગ.

(ખ) સીરપ ૬૦ ભાગ, બોનબ્લેક ૩૦ ભાગ.

ભાગ (ક) ની સઘળી ચીજોને એકરસ કરી એક કલાક સુધી ઉકાળવી પછી મલમલના કકડા વડે ગાળીને ભાગ (ખ) માં લખેલી ચીજો સાથે એકરસ કરી નાખવી.

કીડ લેધરના બુટ માટે પોલીશ.

કાળુ પાલીશ—લાર્ડ ૧૦૦ ભાગ, વેસેલીન ૨૦ ભાગ, ગ્લીસરાઈન ૧૦ ભાગ, કેસ્ટર ઓઇલ (એરંડીઉ) ૧૦ ભાગ ઉપલી ચીજોને એકરસ કરીને થોડોક બોનબ્લેક પાઉડર ઉમેરવો.

સફેદ ક્રીમ,

લાર્ડ ૭૫ ભાગ, ગ્લીસરાઈન ૨૫ ભાગ, મીરબેન ઓઈલ વજનસરનું.

સગળી ચીજોને એકરસ કર્યા બાદ વાપરો.

બુટનાં તળીઆં માટે પાલીશ.

એક ભાગ સ્ટીરીન (Stearine) ને તાનીને ખુલ્લી હવામાં મુકી રાખો. પછી તેમાં ૪ થી ૫ ભાગ સુધી બેનઝાઈન નાંખી એકરસ કરો.

લગાડવાની રીત—બુટના સોલ ઉપર ઉપલું પાલીશ લગાડવું ને સુકાયા બાદ એક કપડાનાં ટુકડા વડે સાફ કરવું.

સાબુને રંગીન બનાવવા માટે રંગો.

ગુલાબી રંગના સાબુ માટે હીંગળોક વાપરવો.

બ્રાઉન રંગના સાબુ માટે બળેલી ખાંડ વાપરવો.

બ્લુ રંગના સાબુ માટે ઇન્ડીગો કારમાઇન વાપરવો.

નારંગી રંગના સાબુ માટે નારંગીયા પીળો વાપરવો.

કારબોલીક સાબુ.

કોપરેલનો સાબુ ૭૫ ભાગ, આલકોહોલ ૫ ભાગ, કારબોલીક એસીડ ૮ ભાગ, કોસ્ટીક પોતાશ ૧ ભાગ, ઓઇલ ઓફ લેમન ૧ ભાગ.

પહેલાં સાબુને તાવી તેમાં વ.રાપૂરતી ઉપલી લખેલી ચીજો નાંખી એકરસ કરો. ત્યારબાદ સાબુના મોલ્ડમાં રેડી

કઇ બંધાઇ ત્યાં સુધી રહેવા દેવ. પછી કહાડી મનપસંદ કરો.

બ્લુબ્લેક શાહીનો પાઉડર.

(૧) નીગ્રોસાઇન ૧ આંઉસ, બ્લુ એનીલાઇન ૨ આંઉસ, સેલીસીલીક એસીડ ૧૫ ગ્રેન, ડેલટ્રીન ૧॥ આંઉસ.

એકરસ કરી ઉપયોગમાં લેવ.

(૨) માયાફળ ૧૦ આંઉસ, સલફેટ ઓફ ઝીન્ક ૨ આંઉસ, સલફેટ ઓફ આર્યન ૪ આંઉસ, ગમ અરેબીક ૧ આંઉસ, લવંગ ૧૨ નંગ. એકરસ કરી ઉપયોગમાં લેવ.

દહાડી બોડવા માટે સાબુ.

સફેદ સાબુ ૨ આઉંસ, ઓઇલ ઓફ બરગેમોન્ટ ૩ ડ્રામ, ક્રીમ ઓપ્ફ તારતર ૧ આઉંસ, પાણી પોણી પેંન્ટ.

સાબુને વાટી તેમાં ક્રીમ ઓપ્ફ તારતર મેળવો. પછી તેમાં પાણી નાંખી સાબુને સઘળો પીગળાવો. ત્યાર બાદ ઓઇલ ઓફ બરગેમોન્ટ નાંખીને એક કાચના બુચની બાટલીમાં ભરી રાખો.

વાપરવાની રીત—એક ચમચી સાબુને ૧ આઉંસ પાણીમાં મેળવી વાપરો.

ચાંદી અને સોનાનું ગીલીટ ચઢાવવાની રીત.

ગીલીટ કરવા માટે એક બેટરીની ખાસ જરૂર પડે છે. તૈયાર બેટરીની કીંમત ઘણી પડે છે. તેથી સસ્તામાં સસ્તી રીતે બેટરી બનાવવાની રીત નીચે લખી છે તે પ્રમાણે બેટરી બનાવી લેવી.

બેટરી બનાવવા માટે જોઈતી ચીજો—(૧) ત્રણ કાદવની લાંબી કુંડલીઓ. (૨) ત્રણ કાચની બરણીઓ. (શાહીના કાચના સીસાનો ઉપલો ડોકા તરફનો પા ભાગ કાપી નાંખી બાકીનો ભાગ ઉપયોગમાં લેવો.) (૩) ત્રણ જસતના પતરાં (૪) ત્રણ કારબોનની લાકડીઓ. (૫) ત્રણ ચાર ફુટ લાંબો પાતળો તાંબાનો તાર.

બનાવવાની રીત—(૧) ૨ તોલા લાલ હીરાકસીને પાંચ તોલા પાણીમાં ઉકાળીને બાજુએ રહેવા દેવ.

[૨] સલફ્યુરીક એસીડ તોલા ૨ ને ૧૫ તોલા પાણીમાં એકરસ કરો.

ત્યાર બાદ ૧ અને ૨ ને સાથે મેળવી નાંખો. પછી સરખે ભાગે ત્રણ કાચના બાટલાઓમાં રેડો.

પછી પાશેર મીઠું લઈ પાશેર પાણીમાં ડહોવી નાંખો ને તેને પણ સરખે ભાગે ત્રણ કાદવની કુંડલીમાં રેડો.

ત્યાર બાદ ત્રણ કાચના બાટલાઓ એક સીધી હારમાં પાસે પાસે મુકો ને દરેક બાટલામાં એકેકી કાદવની કુંડલીઓ મુકો.

પછી તારના (તાબાનો) ફુટ જેટલા લાંબા ત્રણ ટુકડા કરો ને દરેક ટુકડાને એક છેડે જસતનું પતરૂં બાંધો ને બીજે છેડે કારબોનની લાકડી બાંધો.

ત્યાર બાદ પહેલા સીસામાં કારબોનનો ટુકડો મુકો ને તેની સાથે જોડેલો જસતનો ટુકડો બીજા સીસાની અંદર

મુકેલી કાદવની કુંડલીમાં મુકો. હવે જે છેલ્લી કારબોન અને જસતની જોડ રહેલી છે તેને સરખે ભાગે વચમાંથી કાપી નાંખો. અને તેનો કારબોનવાળો ભાગ ત્રીજા સીસામાં મુકો ને જસતવાળો ભાગ પહેલા સીસામાંની કાદવની કુંડલીમાં મુકો આ પ્રમાણે ગોઠવવાથી બે તારના છેડાઓ બહાર રહેશે. હવે જે ચીજ ઉપર ગીલીટ ચઢાવવું હોય તે ચીજ જસતવાળા તારના છેડા સાથે બાંધોને એક સોનાનું પતરૂં કારબોનવાળા તારના છેડા સાથે બાંધો.

ગીલીટ ચઢાવવાની રીત.

હવે એક કાદવનું હાલ્લું લઈ તેમાં ગંધકનો તેજાબ એક માસા અને પોતાસીયમ સાઇનેડ ૨ રૂપીઆ ભાર લઈ તેને પહેલાં થોડાક ગરમ પાણીમાં પીગળાવી તેજાબમાં એકરસ કરી દઇ નાંખો. અને તે હાલ્લાને દેવતાની સગડી ઉપર મુકી રાખો. ત્યાર બાદ આપણે જે બેટરી બનાવી અને તેના બહારના છેડાઓ ઉપર જે બે ચીજો બાંધી છે તે બેઉ ચીજોને સાથે આ કાદવના હાલ્લામાંની દવામાં ડુબાડો. અને જે ચીજ ઉપર ગીલીટ કરવાનું હોય તે ચીજને સહેજ હલાવ્યા કરવી. જ્યારે સારૂં જેવું ગીલીટ ચઢેલું માલમ પડે ત્યારે તે ચીજને બહાર કાઢી લઇ સાફ કરી નાંખવી. આમ કર્યાથી ઘણુંજ સુંદર ગીલીટ ચઢશે.

ચાંદીનું ગીલીટ ચઢાવવાની રીત ઉપર મુજબ છે પણ

સાયેમાઇડ ઓફ ગોલ્ડનલેતા સાયેમાઈડ ઓફ સીલવરનો ઉપયોગ કરવો.

નોંધઃ—જ્યારે બેટરીને ઉપયોગમાં ન લેવાની હોય ત્યારે જસતના પતરાં બહાર કાઢી મુકવાં. તેમજ કાદવના હાલ્લાંને સગડી ઉપરથી ઉતારી નાંખી બાજુએ રહેવા દેવું.

પહેલી બે ચીજોને પાણીમાં મેળવીને રહેવા દેવી પછી ક્લોરેટ ઓફ પોતાસને ખુબ સંભાળથી બારીક વાતવો ને પછી શઘળી ચીજો એકરસ કરી નાંખવી ત્યારબાદ છબીઓનો એક છેડો આ મેળવણીમાં બોળવો.

ક્લોરેટ ઓફ પોતાસથી ખુબ સંભાળ લેવી ને ઘણીજ સંભાળથી વાતવો, જોરથી તેના ઉપર બ-તો લગાડવો નહિ નહિ તો મોહટો અવાજ થશે ને આજુબાજુનાઓને ગંભીર ઈજા થશે.

પોકેટ લેમ્પ માટે ડ્રાઇ બેટરી બનાવવાની રીત.

પહેલ વહેલાં જસતના પતરાનાં ખોખાઓ જે બેટરી બનાવવાના કામમાં વપરાય છે તેવાં ખોખાંઓ જસતના જોઇએ તે સાઇઝના બનાવી તૈયાર રાખો.

પછી દરેક ખોખાની અંદર ફરતે ફેલ્ટ પેપર નામનું જે કાગજ આવે છે તે મુકો. ત્યારબાદ તેમાં નવસાગરને થોડાક પાણીમાં પીગળાવીને જે સોલ્યુશન બને તે દરેક ખોખાની અંદર રેડો. પછી એક પછી એક ખોખું લઈ તેની અંદર કારબોનની લાકડી વચ્ચે મુકી તેની આસપાસ ફરતે નીચલું

મિશ્રણ (૧) નાંખીને ખુબ જોરથી પેક કરો. જે પાણી ઉપર નીકળી આવે તે બહાર કાઢી નાંખવું. ખોખું આખું ન ભરી નાખવું પણ થોડીક જગા રહેવા દેવી. ખાલી જગ્યામાં થોડોક લાકડાનો વેહુર નાંખી ખુબ પેક કરો પછી તેની ઉપર તાવેલો હામર યા ડામરને અને રાળ, ૫ ને ૧ના ભાગમાં મેળવીને ઉપર લગી રેડો.

(૧) કારબોનનો બારીક ભુકો ૭ આંઉસ, નવસાગરનો બારીક ભૂકો ૩॥ આંઉસ, મેગેનીશ પર ઓકસાઈડ ૩॥ આંઉસ.

મેટલ પોલીશ.

(૧) ઓકઝેલીક એસીડ ૧ ભાગ, રોટન સ્ટોન ૬ ભાગ, ઉપલી ચીજોને ટ્રેન ઓઇલ અને સ્પીરીટ ટરપેનટાઇનના એક સરખા ભાગમાં મેળવી મધ જેવું ઘાડું કરી વાપરો.

(૨) પાઉડર ટ્રીપોલી ૩ આંઉસ, ટારટેરીક એસીડ ૧ ડ્રામ પાઉડર પ્યુમીસ ૦॥ આંઉસ, ગેસોલીન ૧૪ આંઉસ.

એકરસ કરી ગરમ ટુકડાના કકડા વડે લગાડો પછી શેમોઇશ લેધર વડે સાફ કરી નાંખો.

(૩) ચરબી ૩૬ ભાગ, સફેદ મીનરલજેલી ૨૦ ભાગ, ચાક ૩૦ ભાગ, લેવીગેટેડ ફ્લીન્ટ ૪ ભાગ, પાઉડર પ્યુમીસ ૩ ભાગ, એકઝેલીક એસીડ ૨॥ ભાગ.

એકરસ કરી વાપરો, કપડાંના ચીથરાં વડે લગાડો પછી સાફ કપડાં વડે પાલીશ કરી નાંખો.

તાંબુ, પીત્તળ અને કાંસુ વીગેરે માટે ઉમદા છે.

ભાગ ૧૦ મો.

કાચને ગીલીટ કરવાની રીતો, કાચને પારો ચઢાવવાની રીતો, કાચ કાપવાની રીતો, કાચને સાફ કરવાની રીતો, કાચપર ચીત્રો ચોંટાડવાની રીતો, કાચ ઉપર કોતરવાની રીતો.

કાચ ઉપર સફાઇથી ચીત્રો ચોટાડવાની રીત.

જે કાચ ઉપર ચીત્ર વળગાડવું હોય તે કાચ ઉપર ત્રાન્સ્પેરેન્ટ વારનીશનો એક હાથ મારી એક રાત સુકાવા મુકો. બીજે દીવસે જે ચીત્ર ચોટાડવાનું હોય તેને પાણીમાં ૧૫ મીનીટ ભીજવી રાખો. પછી તે ચીત્રને બહાર કાઢી તેની ઉપરનું વધારાનું પાણી કાઢી લેવ. ત્યારબાદ તે કાચ ઉપર બીજા વારનીશનો હાથ મારી તરતજ તૈયાર કીધેલું ચીત્ર તે કાચ પર ચોંટાડી દેવ. ચીત્ર ઉપર હાથ એવી સફાઇથી મારવો કે ચીત્ર અને કાચ વચ્ચેની સઘળી હવા નીકળી જાય. જ્યારે ચીત્ર કાચ ઉપર બરોબર ચોંટેલું માલમ પડે ત્યારે વારનીશનો ત્રીજો હાથ મારવો. ત્રીજો હાથ ઘણીજ સફાઇથી લગાડવો, સઘળું કામ ધીરજ અને આસ્તેથી કરવું.

વારનીશ ઉંચી કવોલીટીનું લેવું.

કાચ ઉપર પારો ચઢાવવાની સહેલી રીત.

નીચલી રીત તદન સહેલામાં સહેલી ને સાથે સસ્તી ને

ભરોસાલાયક છે. દરેક ચીજ તેના માપ પ્રમાણેજ લેવી.

૧ પહેલાં ૩ બાટલીએ લઈને નાઈટ્રીક એસીડ વડે સાફ કરી બાજુએ મુકી રાખો.

૨ પછી ૧૮૦ ગ્રામ નાઇટ્રેટ ઓફ સીલવરને ૩ આઉંસ ડીસ્ટીલ્ડ પાણીમાં પીગલાવીને એક સાફ કરેલી બાટલીમાં ભરી રાખો.

૩ જ્યારે પીગળી રહે ત્યારે અડધો આઉંસ નાઈટ્રેટ ઓફ સીલવરને એક બીજી બાટલીમાં રેડી મુકો.

૪ એક ત્રીજી બાટલીમાં ૧૫૦ ગ્રામ કોસ્ટીક પોતાશને ૨॥ આઉંસ ડીસટીલ્ડ પાણીમાં પીગળાવો.

૫ એક સાફ બાટલીમાં ૭૫ ગ્રામ ગ્લુકોસ ને ૨॥ આઉંસ પાણીમાં પીગળાવો.

૬ પછી પહેલી બાટલી લઇ તેમાં થોડોક એમોન્યા જ્યાં સુધી તે બાટલીમાના સોલ્યુશનનો રંગ ભૂરો જેવો થાય ત્યાં સુધી નાંખો.

૭ પછી તેજ (પહેલી બાટલીમાં પાછો થોડોક એમોન્યા જ્યાં સુધી તે બાટલીમાંના સોલ્યુશનનો રંગ ભુરા પરથી અસલ (પહેલાં હતો તેવો) જેવા થાય ત્યાં સુધી નાંખો.

૮ પછી બીજી બાટલી લઈ (જેની અંદર ૦॥ આઉંસ સીલવર સોલ્યુશન છે તે) ને પહેલી બાટલીમાંના સોલ્યુશનમાં થોડોક ધીમે ધીમે રેડો. આમ કર્યાથી સોલ્યુશન કાદવ જેવું ઘણુ વધારે પીળાશ પડતું થશે.

૯ પછી ઉપલામાં ત્રીજી બાટલીમાંનું પોતાશ સોલ્યુશન નાંખો આથી રંગ કાળો થશે.

૧૦ પછી પાછો ઉપલામાં જ્યાં સુધી અસલ રંગ આવે ત્યાં સુધી એમોન્યા નાંખો ને કાચના સળીઆ વડે એકરસ કરો.

૧૧ પછી ઉપલાંને ફીલટર પેપર વડે ગાળી નાંખો.

૧૨ પછી પાછો બીજી બાટલીમાંનો સીલવર ઉમેરો ને જ્યારે ઝાંખો થયે માલમ પડે ત્યારે રેડવું બંધ કરો.

૧૩ પછી સીલવર ચઢાવવાની જેડીશ આવે છે તેમાં રેડી દેવ.

૧૪ પછી તેમાં ગ્લુકોસનું સોલ્યુશન રેડી એકરસ કરો.

૧૫ પછી ડીશની લેવલમાં લાવવા માટે થોડુંક ખપજોગુ પાણી રેડો.

૧૬ પછી કાચની સપાટીને ઉપલી ડીશમાં બોળો બોળતી વખતે કાચને ધળાણ પડતો રાખો.

૧૭ કાચ જે વખતે ડીશમાં હશે તે વખતે મિશ્રણનો રંગ ઝાંખો લાલ માલમ પડશે અને છેલ્લે કાળો થશે. ૧૦ થી ૧૨ મીનીટમાં કાચ ઉપર પારો ચઢી જશે.

૧૮ ત્યારબાદ પાણીમાં ધોઈ સુકાવા મૂકો.

૧૯ પછી ૧૫ મીનીટ વેશ લેધર વડે સાફ કરો.

પારો ચઢાવવાનું શરૂ કર્યા પહેલાં આ રીત બરોબર બે ત્રણ વખત વાંચી જાવ, પછી જેમ લખ્યું છે તેવીજ રીતે

હારદોર એક પછી એક ચીજ કર્યા જાવ. એથી ભૂલ પડશે નહિ. હરેક ચીજો ઉચી કવોલીટીની લેવી.

કાચના ચીપટાઇ ગયલા બુચને કહાડવાની રીત.

(૧) ખખળતા પાણીમાં એક કપડાંનો ટુકડો બોળી બાટલીનાં ડોકાની આસપાસ વીંટાળી દેવ, આમ કરવાથી બુચ નીકળશે.

(૨) બુચના માથાની કીનારી પર ફરતે તેલના ટીપાંઓ રેડો. પછી ડોકાંની આસપસ દોરી વીંટાળી વારાફરતી ખેંચો. આમ કરવાથી બુચ નીકળશે.

(૩) ચોખ્ખાં ટરપીનટાઇનના અથવા કેમફીણુ નામે ટરપીનટાઇનના અર્કના ટીપાં બુચની ધારી ઉપર નાંખવાથી બુચ નીકળી જશે.

કાચ ઉપર ચીત્રો કોતરવાની રીત.

જે કાચ ઉપર ચીત્રો અથવા કાંઈબી કોતરવું હોય તેને ધોઇ સાફ કરી રાખો. પછી તે ઉપર ટાવેલું મીણુ રેડો. ઠર્યા બાદ કોતરવું હોય તે મીણના પડ ઉપર લોખંડના ટીણાં સળીઆ વડે કોતરો. પછી કોતરાયલા ભાગમાં "ફ્લોરીક એસીડ" રેડો. જ્યારે કાચ બરોબર કોતરાઇ રહેલો માલમ પડે ત્યારે ચોખ્ખાં પાણી વડે કાચને સાફ કરી નાંખો.

ગ્રાઉન્ડ ગ્લાસ બનાવવાની રીત.

જલદ સલફેટ ઓફ સોડાના સોલ્યુશનમાં ધાડું ગમ અરેબીકનું સોલ્યુશન રેડી એકરસ કરો. પછી આ સોલ્યુશનને બ્રશ વડે કાચ ઉપર ચોપડો.

બે ત્રણ દીવસ બાદ કાચ ઉપર સુંદર ક્રીસ્ટલો માલમ પડશે.

કાચ ઉપર ચીત્રો ત્રાન્સફર કરવાની રીત.

ન્યુશપેપરમાં આવતાં ચીત્રો તથા બીજાં ચીત્રો કાચ ઉપર સહેલાઇથી ત્રાન્સફર કરી શકાય છે.

પહેલાં ચીત્રના પાછલા ભાગ ઉપર નીચલી મેળવણી વાદળી વડે જ્યાં સુધી પીકચર પારદર્શક થાય ત્યાં સુધી લગાડો (ચીત્રને બોળવું નહિ.)

સોલ્યુશન અને મેળવણી.

નાઇટ્રીક એસીડને ૧થી ૩ ટકા સુધી પાણીમાં મેળવો. અને બાટલીમાં ભરી રાખો.

પછી જે કાચ ઉપર ચીત્ર ચોટાડવાનું હોય તે કાચને આલકોહોલ લગાડી સુકાવા મૂકો. ત્યાર પછી ટરપીનટાઇન લગાડી સુકાવા મૂકો. પછી કાચ ઉપર નીચલું વારનીશ લગાડો.

વારનીશ.

ટરપીનટાઇન ૦॥ આઉંસ ડેમર (Dammer) વારનીશ ૦॥ આઉંસ.

ઉપલું વારનીશ ઘણું ઘાડું અને જાડું નહિ લગાડવું. લગાડયા બાદ ૨૦ મીનીટથી કે એક દીવસ સુધી સહેજસાજ ચીકણું રહે ત્યાં સુધી સુકાવા દેવ. પછી ઉપલું ચિત્ર આ કાચ ઉપર વળગાવી દેવું (પીકચરવાળો ભાગ કાચ ઉપર

લગાડેલાં વારનીશપર વળગે તેમ કરવું) પછી સરખો હાથ પીકચર ઉપર ફેરવો. બરાબર સુકાયા બાદ એક આંગળીને ભીની કરી (પાણીમાં) જેવી રીતે ટ્રાન્સફર પીકચરો ઘસી નાંખો છો તેવી રીતે ઉપલાં પીકચરને ધીમે ધીમે ઘસી નાંખો આ રીતથી ચીત્રનું નકામું કાગળ નીકળી જશે ને ચીત્ર કાચ ઉપર ચોટી રહેશે પછી તદન સુકાયા બાદ ડેમરના વારનીશમાં થોડાંક ટરપીનટાઈનના ટીપાં નાખી કાચ ઉપર ઘણાજ ધીરેથી લગાડો ચીત્રનો રંગ ઉખડી ન જાય તેની સંભાળ લેવી.

કાચ ઉપર તરાહ પાડનારી મેળવણી.

રૂમી મસ્તકી ૧૦૦ ગ્રેઈન, સેનડાર્કગમ ૧ આંઉસ, ઇથર ૧૧ આંઉસ, બેનઝોલ ૪ આંઉસ.

સઘળાંને એકરસ કરી નાંખો.

જે કાચ ઉપર તરાહ પાડવી હોય તે કાચ ઉપર તાવેલું મીણ રેડો, પછી તેમાં મનપસંદ તરાંહ કોતરો પછી કોતરેલા ભાગમાં ઉપલી મેળવણી રેડો જ્યારે તરાંહ કોતરાયલી માલમ પડે ત્યારે પાણીને ધોઈ નાંખો.

કાચની શીશીઓ કાપવાની રીત.

જ્યાંથી શીશી કાપવી હોય તે બાજુએ સુતરના દોરાના ૭ થી ૮ આંટા લપેટો પછી તે દોરા પર ટરપેનટાઇનના ટીપાં ઓ સારી પેઠે નાંખો પછી દોરાની આસપાસની જગ્યા બરોબર સાફ કરી નાંખો આ પ્રમાણે કર્યા બાદ દોરાને સળ-

ગાવી મુકો પછી બાટલીને ધીમે ધીમે ગોળ ગોળ ફેરવ્યા કરો જ્યારે દોરી તદન સળગી રહેલી માલમ પડે ત્યારે તે બાટલીને ઠંડા પાણીની ડોલમાં બોળી દેવ. આથી બાટલી જ્યાંથી કાપવો હશે ત્યાંથી સરખી ભાંગી જશે.

બાટલી કાપવાની આ સૌથી સહેલી રીત છે. ઘણાઓ બાટલીને ઠંડા પાણીમાં નથી બોળતા.

કાચની ચીજોને ટકાઉદાર બનાવવાની રીત.

એક પાણીથી ભરેલાં વાસણમાં કાચની ચીજોને સંભાળથી મુકો પછી તેમાં થોડુંક સાધારણ મીઠું નાંખો અને ઉકાળો. ઘણું બળતું કરવું નહિ તેમજ ઉકળી રહ્યા બાદ ધીમે ધીમે ઠંડુ પાડો આ રીતથી કાચની ચીજો ઘણીજ ટકાઉ બનશે.

કાચ ઉપર પારો ચઢાવવાની રીત.

(क) સીલવર નાઇટ્રેડ ૧ આંઉસ, ડીસટીલ્ડ પાણી ૧ આંઉસ.

(ख) કોસ્તીક સોડા ૧ આંઉસ, પાણી ૧૦ આંઉસ.

(ग) ગ્લુકોસ ૦ાા આંઉસ, પાણી ૧૦ આંઉસ.

क. સોલ્યુશનમાં થોડોક એમોન્યા જ્યાં સુધી રગડા જેવો રંગ મટી જાય ત્યાં સુધી નાંખો પછી ख સોલ્યુશન રેડો પછી પાછો એમોન્યા રેડો જ્યાં સુધી ચોખ્ખો રંગ થાય ત્યાં સુધી નાંખો પછી પાછું સોલ્યુશન રગડા જેવું થાય ત્યાં સુધી સોલ્યુશન રેડો પછી ग રેડો પછી તદન સાફ કરેલા કાચ ઉપર લગાડો.

૪૩ મીનીટમાં પારો કાચ ઉપર સપ્રાઇથી ચઢી જશે.

કાચની નળીઓને વાળવાની રીત.

જે જગ્યાએથી નળીને વાળવી હોય તે જગ્યાને સ્પીરીટના દીવા ઉપર ધરી તપાવો. જ્યારે કાચ નરમ જેવો માલમ પડે ત્યારે ધીમેથી વાળો.

સમાપ્ત.

Glossary of Druggs.

અંગ્રેજી દવાઓના ગુજરાતી નામો.



અગર...Aloes wood...[એલોઝવુડ)

અનીશું...Anise seed...(એનીસીડ)

અજમો...Ajvan seed...(અજવન સીડ)

અફીણ...Opium...(ઓપીયમ)

અંબર...Ambergries...(અમબર ગ્રીસ)

અરીઠા...Soopnuts...(સોપનટ)

અલસી...Linseed...(લીનસીડ)

એલચી...Cardomoms...(કાર્ડેમમ્સ)

આંબાહળદ...Zedoray turmeric...(ઝીયોડરી તરમેરીક)

કપુર...Campror...(કેમ્પફર)

કરીયાતું.. Chiretta...(ચીરેતા)

કસ્તુરી.. Musk...(મસ્ક)

કાથો...Cateohu...(કેતેચુ)

કાલાંમરી...Blackpepper...(બ્લેકપીપર)

કાળીગરી...Indigo...(ઇન્ડીગો)
કીરમજ...Cochineai...(કોચીનીયલ)
કેવડાની જડ...Orrisroot...(ઓરીસરૂટ)
કેસર...Saffron...(સેફ્રન)
ખાંડ...Sugar...(સુગર)
ગુગળ...Aflatoon...(અફ્લાટુન)
ગંધક.. Sulfhar...(સલફર)
ગંધકના ફુલ...Flowers of sulfhar... (ફ્લાવર ઓફ સલફર)
જાવંત્રી...Mace...(મેસ)
જેઠીમધ...Licorice...(લીકોરીસ)
ટંકણખાર...Borax...(બોરેક્ષ)
તજ...Cinamon...(સીનેમમ)
દમનો...Warm wood...(વર્મ વુડ)
ધાણા...Corinder seed...(કોરીનડર સીડ)
નવસાગર...Sal Ammonic...(સેલ એમોનીક)
પાપડખાર...Carbonate of Soda...(કારબોનેટ ઓફ સોડા)
ફટકડી...Alum...(એલમ)
માયા...Galls...(ગોલ્સ)
માયાફલ...Gall nuts... (ગોલનટસ)
મુરદારસીંગ...Litharge...(લીથારજ)

મોરથુથુ...Blue vitrol...(બ્લુ વીટ્રોલ)
રાઇ...Mustard...(મસતર્ડ)
રેવનચી...Rhu barb...(રૂહબરબ)
રેવનચીનો શીરો...Gamboge...(ગમબોજ)
લવંગ...Cloves...(કલોવ)
લોબાન...Benzoin...(બેનઝોઇન)
સરસી...Rapeseed...(રેપસીડ)
-સાજીખાર...Barilla...(બરીલા)
સાબુચોખા...Sago...(સેગો)
સીંદુર...Red Lead...(રેડ લેડ)
સુંઠ...Ginger...(જીનજર)
સુખડ...Sandel...(સેન્ડળ)
હડતાલ... Yellow arsevic...(યલો આરસેનીક)
હલદ...Turmaric...(તરમેરીક)
હીરાકસી...Green Copperas...(ગ્રીન કોપેરાસ)
હીરાદખન...Dragoon's Blood...(ડ્રેગુન બ્લદ)
હીરાબોલ...Myrrb...(મરહ)
ગુંદર...Gum...(ગમ)
-સરસ...Glue...(ગ્લુ)



માપનું કોષ્ટક.

૨૦ ગ્રેઇન........................૧ સ્ક્રુપલ
૩ સ્ક્રુપલ........................ ૧ ડ્રામ
૮ ડ્રામ........................ ૧ આઉંસ
૧૬ આઉંસ—..................... ૧ પાઉન્ડ

---

૬૦ ફ્લ્યુઇડ મીનીમ................૧ ફ્લ્યુઇડ ડ્રામ
૮ ડ્રામ........................ ૧ ,, આઉંસ
૨૦ આઉંસ........................ ૧ પાઇન્ટ

---

૧૬ ડ્રામ........................ ૧ આઉંસ
૧૬ આઉંસ........................ ૧ પાઉન્ડ
૧૪ પાઉન્ડ........................ ૧ સ્ટોન
૨ સ્ટોન–૨૮ પાઉન્ડ............ ૧ કવોટર
૪ કવોટર=૧૧૨ પાઉન્ડ........ ૧ હુંડ્રવેટ
૧૦૦ પાઉન્ડ........................ ૧ સેનટલ
૨૦ કવોટર ૨૨૪૦ પાઉન્ડ.........૧ ટન

---

૪ જીલ........................૧ પાઇન્ટ
૨ પાઇન્ટ........................ ૧ કવોટર
૪ કવોટર........................ ૧ ગેલન

શુદ્ધી પત્ર.

પૃષ્ઠ	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૭	૧૭	બને	બને ત્યારે
૮	૧૯	દો દેવ	મોલ્ડમાં ઓટી દેવ
૧૧	૧૯	હાઈડ્રા	હાઇડ્રો
૧૩	૧૮	રાઈટરને	રાઇટરની રીબીનનો
૨૦	૩	સ્ચપલો	સ્ટાચપલો
૨૦	૧૮	પાઉન્ટ	પાઉંડ
૨૩	૩	શાહી	લાહી
૩૦	૧૨	પાઉન્ટ	પાઉંડ
૩૫	૧૬	ઓલીડ	ઓઇલ
૩૭	૧૪	તે	તેલ
૩૯	૧	ઓઈવ	ઓઇલ
૩૮	૧૧	એસેન્સ ૪	એસેન્સ ૪ ભાગ
૪૩	૬	નુકશાઓ	નકશાઓ
૪૫	૮	રેલીનસીડ	લીનસીડ
૫૧	૮	વેગ	ભેગ
,,	૧૩	જાળ	મધ
૫૪	૧	કસ્ટર	કસ્ટર્ડ

અમારાં લોકપ્રિય પુસ્તકો !

"ગુજરાતી" [illegible]

ભા. ૧ થી ૫ [illegible]

"ગુજરાતી" [illegible]

[illegible] (સચિત્ર) [illegible]

[illegible] ([illegible]) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ગુજરાતી [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ભાગ ૧ થી ૪ [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

"ગુજરાતી" [illegible]

[illegible]

[illegible]

શું તમોને તમારા દેશનો અભ્યાસ કરવો છે જો તમો એકંદર બે ત્રણ રૂપીઆની કીંમતની તવારીખ ખરીદ કરતાં કંટાળો આવતો હોયતો જરૂર આ સારરૂપ વાર્તા ખરીદો.

વીર દુર્ગાદાસ

રાઠોડ સરદાર દુર્ગાદાસના અદ્ભુત પરાક્રમની કથા વાંચવી હોય તમારા બાળકોને સ્વદેશ પ્રત્યેની ફરજોનું જ્ઞાન આપવું હોય તો આજેજ ખરીદો.

બહારગામવાળાએ ૭ આનાની ટીકીટ બીડવી.

મુલ્ય માત્ર પાંચ આના

બાળાઓના મનને આનંદ આપનારૂં નાનકડું રસીલું સચિત્ર પુસ્તક.

કન્યા સુબોધિની

મુલ્ય આઠ આના.

પાંચ સાત રૂપીઆ ખરચીને પણ ન આપી શકાય તેવા જરૂરના પુસ્તકોનો ખુટતો ઉપયોગ ન કરી શકાય માટેજ તે પુસ્તકોની ગરજ સારે તેવું આ નાનકડું પુસ્તક છે સુંદર આઠ પાંચ ચિત્રસાથે બાળા બંનેના સંવાદ રૂપે શોભ સતિઓના જીવન ચરિત્રો આ પુસ્તકમાં સમાવ્યાં છે.

બહારગામવાળાએ ૯ આનાની ટીકીટ બીડવી સારી છે.

લખો

“ ગુજરાતી ” સાહિત્ય મંદિર

સલાબતપુરા સુરત.